ઓક્ટોબર ૨૦૨૦

દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૧૫

‘હું’પણું એ અહમ્ અને
‘હું’પણાનો પ્રસ્તાવ કરવો એ અહંકાર.
પછી ‘હું પ્રેસિડન્ટ છું’ એ માની કહેવાય.
અને ‘આ મારો બંગલો,
આ મારી ગાડી’ એ અભિમાન.



અડાલજ : ઓનલાઈન પર્યુષણ પારાયણ : તા.૧૫ થી ૨૩ ઓગસ્ટ ૨૦૨૦

જ્ઞાન ખજાનો પુસ્તકોના રૂપમાં

વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ

ગુજરાતી, હિન્દી, મરાઠી, ઉડીયા, તેલુગુ, મલયાલમ, બંગાળી, પંજાબી, આસામી, કન્નડ, મણિપુરી, English, Spanish, German, Portuguese

ઓનલાઈન ખરીદો **store.dadabhagwan.org** પરથી...

Also available at :

amazon.in Flipkart

Also order on WhatsApp

88662 78701 / 02

વર્ષ : ૨૬, અંક : ૨
સળંગ અંક : ૩૦૨
ઓક્ટોબર ૨૦૨૦
પાનાં : ૨૮

Editor : Dimple Mehta

© 2020,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

Printed by & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

Owned by & Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

સંપર્ક સૂત્ર :
અડાલજ ત્રિમંદિર, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
ફોન :(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

લવાજમ (ગુજરાતી)

૧૫ વર્ષ
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૨૦ પાઉન્ડ

વાર્ષિક સભ્ય
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ

D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

દાદાવાણી

ઓળખીએ અહંકારના વિસ્તૃત સ્વરૂપોને

સંપાદકીય

આ જગતમાં આપણા શત્રુ કોણ ? કષાયો ! ક્રોધ-માન-માયા-લોભ, રાગ-દ્વેષ - આ આંતરશત્રુઓ જ તમામ દુઃખોનું અને ભવોભવની ભટકામણનું કારણ છે. અને આ કષાયોને કોનો આધાર છે ? અહંકારનો. જે પોતે નથી ત્યાં 'હું છું' માનવું તે અહંકાર, અને તેનાથી જ આ જગત ઊભું છે. મૂળમાં અહંકાર અને એમાંથી ઊભા થતા કષાયો, એ બધાનું રૂટ કોઝ છે અજ્ઞાનતા.

હવે આ અહંકારમાંથી છૂટવું કેવી રીતે ? જેમ બંધાયેલો પોતે જાતે છૂટી શકે નહીં, કોઈ છૂટેલો જ છોડાવી શકે; તેમ જ જેમના અહંકાર અને મમતા સંપૂર્ણ ખલાસ થયા છે તેવા જ્ઞાની પુરુષની કૃપાથી, અક્રમ માર્ગમાં જ્ઞાનવિધિની સિદ્ધિ દ્વારા માત્ર બે કલાકમાં જ જીવતા અહંકારથી કાયમી છૂટાય છે, જે આપણે બધાએ અનુભવ્યું છે. હવે બાકી રહે છે ડિસ્ચાર્જ અહંકાર. જ્ઞાન પછી આ અહંકાર જેમ જેમ ઓળખાય છે, અહંકાર ખોટો છે એવું સમજાય, એને જુદો જોવાય, તેમ તેમ તે ઓગળતો જાય. પ્રસ્તુત અંકમાં આ અહંકારને ઓળખવા માટે તેના વિસ્તૃત સ્વરૂપોની છણાવટ થઈ છે.

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)એ સમાનાર્થી જણાતા શબ્દો જેવા કે અહમ્, અહંકાર, માન, અભિમાન, સ્વમાન, ગર્વ વગેરે શબ્દોના સૂક્ષ્મ ફોડ પાડ્યા છે. 'હું'પણું એ અહમ્ અને 'હું'પણાનો પ્રસ્તાવ કરવો તે અહંકાર, જેમ કે હું ચંદુલાલ છું, આનો ધણી છું, આનો ફાધર છું. અહંકારમાં માલિકીપણું આવે એટલે તે માન થયું, 'ઈગો વીથ રીચ મટિરિયલ્સ.' માનનું પ્રદર્શન કરવું કે આ મારો બંગલો, આ મારી ગાડી તે અભિમાન. સ્વમાન એટલે પોતાની જે ક્વૉલિટી છે તેટલા પૂરતું માન. ગર્વ એટલે જ્યાં પોતે નથી કરતો ત્યાં 'હું કરું છું, મેં કેવું સરસ કર્યું' એમ માનવું તે. આ ઉપરાંત સરળ ભાષામાં ઘમંડ, ઘેમરાજી, તુમાખી, તુંડમિજાજી વગેરેના દૃષ્ટાંત સહિત ફોડ પણ અત્રે મળે છે.

અક્રમમાં પોતાના અહંકારને જે જાણે, તે 'પોતે' અહંકારથી મુક્ત જ હોય. જેમ સળગતી હોળીને જોનારો તેનાથી છેટો જ હોય, તેમ જે અહંકારને જુદો રાખી ઓળખે એનું કલ્યાણ થઈ જાય ! જે રસ્તે અહંકાર વધે છે તે જ રસ્તે પાછા ફરવાથી તે ઘટે છે. જેટલો શુદ્ધ ઉપયોગ તેટલો અહંકાર ઓગળ્યા કરે. જ્ઞાન પછી મૂળ અહંકાર ગયો પણ તેના પરિણામ રહ્યા. અહંકારના બધા પરિણામ જતા રહે એટલે કેવળજ્ઞાન થાય. હવે જ્ઞાન પછી ડિસ્ચાર્જ અહંકારના સ્વરૂપને ઓળખી અને તેનો નિકાલ કરવાના પુરુષાર્થમાં મહાત્માઓને આ અંક પ્રથમ સોપાન પૂરું પાડશે તે જ અભ્યર્થના !

જય સચ્ચિદાનંદ.

ઓળખીએ અહંકારના વિસ્તૃત સ્વરૂપોને

પોતાના કષાયો જ પોતાના દુશ્મન

(આ જગતમાં) બીજું કોઈ બહાર દુશ્મન છે જ નહીં. પોતાના કષાય જ પોતાના દુશ્મન છે અને એ કષાય જ એને મારી રહ્યા છે. એને બહારનો કોઈ મારતો નથી. ખરેખર ગુનેગાર આપણા કષાય છે.

પ્રશ્નકર્તા : કષાય એ શું છે ?

દાદાશ્રી : આત્માને પીડે એ બધા કષાય. કષાયો એટલે મહીં આત્માને (પ્રતિષ્ઠિત આત્માને) દુઃખ થયા કરે, અજંપો થયા કરે તે. રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભ એ બધું દુઃખ દેનારી વસ્તુ છે. એને જ કષાય કહેવાય.

મનુષ્યોને આ ક્રોધ-માન-માયા-લોભ એક ક્ષણવાર જંપીને બેસવા ના દે. નિરંતર તરફડાટ, તરફડાટ, તરફડાટ ! એવું તમે જોયેલું ? આ માછલું તરફડે ખરું ? પાણીની બહાર કાઢીએ ત્યારે માછલું તરફડે, એવું આ મનુષ્યો વગર બહાર કાઢ્યે તરફડે છે. ઘરમાં હોય તોય તરફડાટ, ઓફિસમાં જાય તોય તરફડાટ, આખો દહાડો તરફડાટ ! હવે એ તરફડાટ મટી જાય તો કેટલો આનંદ રહે ! જો, અમારે તરફડાટ મટી ગયો છે તો કેવી કેવી વાતો નીકળે છે ને ! જગત આખાને તરફડાટ, તરફડાટ, તરફડાટ રહ્યા કરવાનો. આમને તો સારું જમવાનું હોય તોય ખાતી વખતે પણ મહીં તરફડાટ બંધ નથી થતો. બોલો, શી રીતે જીવાય છે એય અજાયબી છે ને !

કષાયોનો આધાર

પ્રશ્નકર્તા : આ કષાય શેના આધારે છે ?

દાદાશ્રી : અજ્ઞાનના આધારે છે. અજ્ઞાનતા જ આ બધાનું 'બેઝમેન્ટ' છે. અજ્ઞાનતા ગઈ કે બધો ઉકેલ આવ્યો. અજ્ઞાનતા અમારા સમજાવવાથી જાય. અજ્ઞાન જાય એટલે કષાય પડવા માંડે, એટલે રાગ-દ્વેષ પડવા માંડ્યા. પછી પ્રકૃતિ પડવા માંડે.

જ્યાં સુધી અહંકાર છે, 'હું જ છું, હું જ છું', ત્યાં સુધી ક્રોધ-માન-માયા-લોભ એકુંય પડે નહીં.

અહંકારનો જ ડખો છે. અહંકારને લીધે જ આ જગત ઊભું રહ્યું છે. ક્રોધ-માન-માયા-લોભ અહંકારના આધીન છે. અહંકાર ના હોય તો એ ક્રોધ-માન-માયા-લોભ છે, તોય નથી. કારણ કે એનો આધાર અહંકાર છે અને અહંકારેય છે તે આધારી વસ્તુ છે. એનું રૂટ કૉઝ અજ્ઞાનતા છે. પણ અજ્ઞાનતા તો જાણે છે જ, આખી દુનિયામાં પ્રસરેલી. માટે ક્રોધ-માન-માયા-લોભનો આધાર શું ? અહંકાર. જગતનો આધાર કોણ ? અહંકાર ! અહંકાર કાઢી લે તો ક્રોધ-માન-માયા-લોભ કશું કરનાર નથી. બધા મડદાલ થઈ ગયા.

અહંકારનું સ્વરૂપ

પ્રશ્નકર્તા : અહંકારની સાચી વ્યાખ્યા શું છે ?

દાદાશ્રી : અહંકારની સાચી વ્યાખ્યા જગત સમજ્યું નથી. લોકો જે સમજ્યા છે એ પ્રમાણે નથી. સહુ પોતાની ભાષામાં જ સમજે છે. દરેકની પોતપોતાની ભાષા જુદી હોય ને ? પણ એ ભગવાનની ભાષા આગળ નહીં ચાલે. ત્યાં તો 'ટેસ્ટ લેવાની' છે, ત્યાં એ કામ નહીં લાગે.

અહંકાર એટલે શું ? જે પોતે નથી, તેનો આરોપ કરવો. પોતે છે એ જાણે નહીં અને નથી તેનો આરોપ કરવો, એનું નામ અહંકાર. એ કોને

કોને હોય ? એ પદ કોને કોને લાગુ થાય ? બધાને લાગુ થાય. બધા અહંકારી કહેવાય. અહંકાર એટલે વસ્તુના આધારે નથી. એની માન્યતામાં શું વર્તે છે ? 'જે નથી એવો.' 'હું' 'ચંદુભાઈ'* નથી પણ માને છે કે 'હું ચંદુભાઈ છું' એ જ અહંકાર !

'હું ચંદુભાઈ છું' એ અહંકાર. આ એક જ અહંકાર નથી. અહંકાર કેટલા બધા છે તે દેખાડું; કહેશે, આ બેનનો ફાધર થઉં એ બીજો અહંકાર. 'આ બઈનો ધણી થાઉં' એ ત્રીજો અહંકાર, 'હું આટલા વર્ષનો છું' એ ચોથો અહંકાર, 'હું શરીરે ફેટ(જાડો) છું' એ પાંચમો અહંકાર, 'હું કાળો છું' એ છઠ્ઠો અહંકાર, 'હું આનો દાદો થઉં' એ સાતમો અહંકાર અને 'હું આનો મામો થઉં' એ આઠમો અહંકાર. 'આનો ફૂવો થઉં', એ બધા કેટલા અહંકાર હશે ! એટલે આરોપિત ભાવ એનું નામ અહંકાર અને મૌલિક (સ્વાભાવિક) ભાવ એનું નામ નિર્અહંકાર. 'હું ગરીબ છું' એમ કહે ને, તે એનું શું કહેવાય ?

પ્રશ્નકર્તા : અહંકાર.

દાદાશ્રી : પછી 'હું માંદો છું' એનું નામ અહંકાર, 'હું સાજો છું' એનું નામ અહંકાર, 'હું ડૉક્ટર છું' એનું નામ અહંકાર. પછી કહેશે, 'અમે શાહ', ઓહોહો ! ક્યારેય ચોરી ન કરી હોય એવા શાહ ! શાહ કેવા હોય? ચોપડાની ચોરી જ નહીં, પણ કોઈ જાતની ચોરી જ નહીં, એનું નામ શાહ! આ બધો ઈગોઈઝમ છે, અહંકાર છે. આ લક્ષણ આત્માનું નથી. આ જગત બધું અહંકાર ઉપર તો ઊભું રહ્યું છે. આવું તે ક્યાં સુધી ઊભું રહે છે ? 'હું કોણ છું' ભાન નથી થયું ત્યાં સુધી ઊભું રહે છે.

અહમ્-અહંકારની આદિ ને વૃદ્ધિ

પ્રશ્નકર્તા : આ અહમ્ કહે છે અને અહંકાર એ એક જ છે કે જુદું જુદું છે ?

દાદાશ્રી : જુદું જુદું છે. શબ્દો જ જુદા છે ને !

પ્રશ્નકર્તા : એનો ભેદ શું છે ?

દાદાશ્રી : કોઈ અહમ્ આત્મા કહે તો વાંધો નહીં, પણ અહંકાર આત્મા કહે તો ? શું થાય ? અહમ્નો વાંધો નથી, અહંકારનો વાંધો છે. અહમ્ એ અહંકાર નથી. 'અહમ્ બ્રહ્માસ્મિ', એમાં અહમ્ તો વપરાય છે ને ! કારણ કે અહમ્ તો હોવો જોઈએ, પણ શાનો ? પોતાના સ્વરૂપનો અહમ્ હોવો જોઈએ. જે નથી તેનો અહમ્ કેમ હોવો જોઈએ ? અહમ્ પોઈઝન નથી, અહંકાર પોઈઝન છે. અહમ્ એટલે 'હું.'

પ્રશ્નકર્તા : અહમ્ એટલે જ અહંકાર, એવું માનતા હતા અમે.

દાદાશ્રી : ના, એ તો અહંકાર ને અહમ્માં બહુ ફેર.

પ્રશ્નકર્તા : એમાંય ફરક છે ? એમાં શું ફરક છે, એ સૂક્ષ્મતાએ ફોડ પાડો ને !

દાદાશ્રી : 'હું'પણું એ અહમ્ અને 'હું'પણાનો પ્રસ્તાવ કરવો (હું ચંદુ છું) એ અહંકાર. 'હું પ્રેસિડન્ટ (પ્રમુખ) છું' એ અહંકાર ના કહેવાય. એ તો આપણા લોકો કહે કે અહંકારી પુરુષ છે, પણ ખરેખર એ માની પુરુષ કહેવાય. અહંકાર તો, કશું સંસારની ચીજ-બીજ અડતી ના હોય ને જ્યાં પોતે નથી ત્યાં પોતે 'હું છું' એમ માને, તે અહંકારમાં જાય. વસ્તુમાં કશુંય ના હોય. અને બીજી વસ્તુને અડે એટલે માન થયું ! 'હું પ્રેસિડન્ટ છું', એ બધું દેખાડે એટલે આપણે સમજીએ ને કે આ માની છે.

પ્રશ્નકર્તા : પ્રસ્તાવમાં શું આવે ?

*ચંદુલાલની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

દાદાશ્રી : વધારે પડતું 'હું'પણું બોલવું. પેલું 'હું' તો છે જ, અહમ્ તો છે જ માન્યતામાં, પણ એનો પ્રસ્તાવ કરવો, 'આ ખરું ને આ ખોટું' બૂમાબૂમ કરવા જાય, એ અહંકાર કહેવાય. પણ બીજી વસ્તુ ના હોય મહીં, માલિકીપણું ના હોય કશાયમાં. માલિકીપણું આવે એટલે માન આવે.

એ માન એકલું નહીં, પછી જેમ જેમ માલિકીભાવ વધારે થયો ને, તે અભિમાન. દેહધારી હોય તે માની કહેવાય ને 'આ ફ્લેટ અમારો, આ અમારું' એ અભિમાન. એટલે અહંકારથી માની, અભિમાની, બધા બહુ જાતના પર્યાયો ઊભા થાય છે.

અહંકાર એટલે આપણા લોકો સમજે છે એને અહંકાર કહેવાતો નથી. આપણા લોકો જેને અહંકાર કહે છે ને, એ તો માન છે. અહંકાર બિલીફ(માન્યતા)માં હોય, જ્ઞાનમાં ના હોય. જ્ઞાનમાં આવે એ માન કહેવાય. પોતે કરતો નથી, ત્યાં આગળ 'પોતે કરું છું' એવું માને છે, એનું નામ અહંકાર.

પ્રશ્નકર્તા : હવે એક દાખલો આપીને સમજાવો એ.

દાદાશ્રી : આપણે અહીં કહે છે કે 'હું નીચે આવ્યો.' હવે ઉપરથી નીચે આવ્યો, એમાં પોતે આવ્યો જ નથી, એ તો આ શરીર આવ્યું. આ શરીર આવ્યું, તેને પોતે માને કે 'હું આવ્યો.' એવી માન્યતા એ અહંકાર અને પછી એ મોઢે બોલે કે 'હું આવ્યો', એ માન કહેવાય. તો આપણા લોકો 'હું આવ્યો' તેને અહંકાર કહે છે.

અહંકાર એટલે પોતે કરતો ના હોય છતાંય કહેશે કે 'હું કરું છું.' એ આરોપિત ભાવ છે, એને અહંકાર કહેવામાં આવે છે. રિલેટિવ વસ્તુને 'હું છું' કહ્યું તે જ અહંકાર. અહંકાર મૂળ વસ્તુ છે ને એમાંથી માન(-અપમાન), અભિમાન, ગર્વ, ઘેમરાજી, (મદ, મત્સર) બધા જાતજાતના શબ્દો થયા છે. એ બધા જુદા જુદા શબ્દો જુદી જુદી વખતે વપરાય છે. તે બધા સ્થૂળ અર્થ સમજવા માટે છે. તેથી જ્ઞાનીઓએ જુદા જુદા નામ આપ્યા.

અહંકાર-માન-અભિમાનની પરિભાષા

પ્રશ્નકર્તા : અહંકાર, માન ને અભિમાન એમાં ફેર શો ?

દાદાશ્રી : અહંકારનું વિસ્તૃત સ્વરૂપ એ માન કહેવાય અને મમતા સહિત એ અભિમાન કહેવાય. કંઈ પણ, કિંચિત્માત્ર મમતા એટલે... 'આ મારી મોટર' કહેશે, એ દેખાડવાની પાછળ શું હોય છે ? અભિમાન. એના છોકરાં ગોરાં સરખા હોય તો આપણને દેખાડે, 'જુઓ, મારા આ ચારેવ છોકરાં દેખાડું.' તે પાછું મમતા ને અભિમાન ! એટલે જ્યાં અભિમાન હોય, ત્યાં આવું બધું આપણને દેખાડ દેખાડ કર્યા કરે.

અભિમાન વસ્તુ કેવી છે ? એમાં આરોપિત ભાવ એટલે કે અહંકાર તો છે જ, પણ 'મારે ચાર બંગલા છે, બે ગાડીઓ છે' એવું પ્રદર્શન કરે એ અભિમાન કહેવાય.

જે પોતે નથી કરતો તે કરવાનો આરોપ કરવો તે અહંકાર. અને માન એટલે અહંકારનું વિસ્તૃત સ્વરૂપ, બહુવચન થયેલું.

પ્રશ્નકર્તા : એ પછી માનમાંથી જ અભિમાન જન્મતું હશે ને ?

દાદાશ્રી : ના. અભિમાન ક્યારે જન્મે ? મમતા હોય તો અભિમાન જન્મે.

અહંકાર જુદી દશા છે અને અભિમાન જુદી દશા છે. આ આપણા લોકોને કશું ભાન તો છે

જ નહીં, ખરેખરું ભાન નથી, ઠોકાઠોક કરે ! મનમાં જે આવે તે કહે કે 'આ અભિમાની માણસ છે, આ અહંકારી માણસ છે.' તે આ અહંકારી તો દરેક મનુષ્યો છે. કોઈ માણસ અહંકારી ના હોય એવું નહીં. 'જ્ઞાની' એકલા જ અહંકારી નહીં અને 'જ્ઞાની'ના 'ફોલોઅર્સ' પણ અહંકારી નહીં. બાકી, બીજા બધાય અહંકારી. એટલે આ જ્ઞાન મળ્યા પછી અજ્ઞાન ગયું, એટલે અહંકાર ગયો. એટલે 'પોતે' જો 'શુદ્ધાત્મા' છે તો અહંકાર નથી અને 'ચંદુભાઈ' છો તો અહંકાર છે.

અહંકાર એટલે તો જ્યાં પોતે નથી ત્યાં આરોપ કરે છે, એટલો જ ગુનો છે. બીજો કોઈ અહંકારનો ગુનો નથી.

હવે માન એટલે શું ? અહીં આગળ 'ફર્સ્ટ ક્લાસ' કપડાં પહેરી અને ત્રણ હજારનું ઘડિયાળ ઘાલીને, આટલી જરા બાંય ઊંચી રાખે આમ, લોકોને દેખાય એટલે. પછી કોઈ કહેશે, 'કેમ છો શેઠ ?' તે આ માન દેખાય આપણને ખુલ્લું. કારણ કે એની પાસે સામાન સારો સારો તે શણગારેલો પહેર્યો હોય, એ માન કહેવાય.

અહંકારી ને માનીમાં ફેર

પ્રશ્નકર્તા : અહંકારી અને માની, એ બે વચ્ચેનો ફેર શું ?

દાદાશ્રી : અહંકારીને અપમાનનો ભો ના લાગે, માનીને અપમાનનો ભો હોય. જે માની હોય, તેને અપમાનનો ભો લાગ્યા કરે. જ્યારે અહંકારીને અપમાનનો ભો ના લાગે. માન હોય તો અપમાન લાગે ને ! માન જ ના હોય ત્યાં ?

આ પેલો મજૂર જતો હોય, એટલે આપણે કહીએ, 'અલ્યા, શું તારું નામ ?' ત્યારે એ કહે, 'લલવો.' હવે એ પોતાને લલ્લુભાઈ નથી કહેતો, એટલે આપણે જાણીએ કે એ અહંકારી એકલો જ છે. અને આપણે કોઈકને પૂછીએ કે 'શું નામ ?' ત્યારે એ કહે કે 'લલ્લુભાઈ.' એટલે આપણે જાણીએ કે આ માની હઉ છે જોડે.

અને બીજો કોઈક જતો હોય એટલે આપણે કહીએ, 'કોણ છો તમે ?' ત્યારે એ કહે, 'હું લલ્લુભાઈ વકીલ. ના ઓળખ્યો મને ?' એટલે અભિમાની હઉ કહેવાય.

એટલે આ બધા એના લક્ષણો !

અહંકાર, પછી એ મમતાની સાથે થયો એટલે અભિમાન ઊભું થયું. કંઈ પણ મમતા, ગમે તે જાતની ! એટલે કોઈ પણ પ્રકારની મમતા સહિત છે, એ અભિમાન થયું. જ્યારે અહંકાર એકલો હોય, મમતા વગર હોય, તો એ અહંકાર કહેવાય.

માનની જાહેરાત એ અભિમાન

અભિમાન કોને કહેવાય ? પોતાની પાસે સાધન હોય તે લોકોને કહી બતાવે, એને અભિમાન કહેવાય. એ તો દરેક માણસ કહી બતાવે. દરેક માણસ પોતાની પાસે હોય, તે કહી બતાવ્યા વગર રહે નહીં. એટલે અભિમાન ક્યારે કહેવાય ? અહંકાર તો છે જ, પણ દુકાને જઈએ ત્યારે રસ્તામાં જતાં જતાં એ ભાઈ આપણને કહેશે, 'ઊભા રહો.' 'ભઈ, શું છે તે ઊભા રહો ? ઉતાવળ છે ને !' ત્યારે એ કહેશે, 'આ અમારું મકાન. આ ચાર બિલ્ડિંગ, આ બે અને પેલા બે અમારા.' એ બધું અભિમાન કહેવાય. 'ભઈ, અત્યારે મારે જવાનું છે, તું શું કરવા વાતો કરે છે ? તું તારી મેળે માથાફોડ શું કરવા કરે છે ?' પણ એ એનું અભિમાન બતાડે છે. આપણે પૂછીએ નહીં તોય દેખાડે કે કેવો સરસ છે ! એનું શું કારણ ? એને

અભિમાન છે. પૂછીએ અને જવાબ આપે એ જુદું છે. અને પૂછ્યા વગર જવાબ આપે એ અભિમાન ! એના મનમાં ગલીપચી થયા કરે કે 'ક્યારે કહી દઉં', એ અભિમાન.

પ્રશ્નકર્તા : તે અભિમાનને લીધે 'આપણું વધારે ઊંચું ને પેલાનું નીચું' એમ બોલે ને ?

દાદાશ્રી : હા, અભિમાન એટલે એ 'ઊંચું ને નીચું.' એના પુરાવા આપે છે કે 'આ મારી મિલકત, પેલી મારી મિલકત, આ મારી ગાડી.' એટલે 'ઊંચું-નીચું' આના ઉપરથી કહેવા માગે છે. પણ સીધી રીતે, 'ડાયરેક્ટ' ઊંચું-નીચું બોલતો નથી. અભિમાન એટલે પોતાને જરૂરિયાત કરતાં વસ્તુ વધારે હોય અને એ દેખાડે, એ અભિમાન. એના મનમાં એમ કે 'જો હું કેટલો સુખી છું !' પેલાને હલકો પાડવા પ્રયત્ન કરે, એનું નામ અભિમાન.

એટલે અભિમાન તો આ બધું બતાડે, આ દેખાડે, તે દેખાડે. અરે, ઊંચી જાતના દોઢસો રૂપિયાના ચશ્મા લાવ્યો હોય તેય દેખાડી દે. 'જોયા ચશ્મા ?' કહેશે. અલ્યા, મારે તારા ચશ્માને શું કરવા છે બળ્યા, તે મને દેખાડ દેખાડ કરે છે ! પણ અભિમાન પોષવા માટે કહે કહે કરે. અરે, ધોતિયાનો જોટો સાડી ત્રણસોનો લાવ્યો હોય ને, તેય દેખાડ દેખાડ કરે. દોઢસોના બૂટ લાવ્યો હોય તેય દેખાડ દેખાડ કરે, એ અભિમાન !

અભિમાન એટલે માનની જાહેરાત કરવી બધે, જ્યાં ને ત્યાં. એના ભાઈનું મકાન નાનું હોય તોય બતાવે કે 'આ મારા ભાઈનું મકાન, આ મારા કાકાનું મકાન, પેલું અમારું મકાન.' મોટું હોય તેમ બતાવે, ત્યાં આગળ અભિમાન મહીં વર્તતું હોય. પોતાની વસ્તુ સામાને માન કરવા માટે દેખાડવી, એનું નામ અભિમાન. શા સારુ બતાવે છે ? માન સારુ. પાછો માનથી આગળ ચાલ્યો, એ અભિમાનમાંય પાંસરો ના થાય. પછી કુદરત એને માર માર કરીને રાગે પાડી દે. એટલે બે-ચાર ગાડીઓ પોતાની પાસે હોય, પણ એનો અહંકાર ના કરાય. એનું અભિમાન ના કરાય. અભિમાન કરે કે જવાની તૈયારી થઈ. નમ્રતા રાખવી જોઈએ. જેમ જેમ આપણી પાસે વિશેષ સાંસારિક સાધનો હોય ને, તેમ નમ્રતા હોવી ઘટે.

પાછા કહેશે, 'મારે આ ચાર દીકરાઓ, આ મારો છોકરો સી.એ. છે ને મારે આમ છે.' એ બધું અભિમાન. 'હું ગોરો છું, હું જાડો છું' કહે એ બધુંય અભિમાન કહેવાય. આ બધા શામળા છે ને પોતે ગોરો હોય તો એ ગોરાપણાનું એને અભિમાન છે. રૂપનો મદ હોય કે ના હોય?

પ્રશ્નકર્તા : હોય.

દાદાશ્રી : પોતાની બૈરી બહુ રૂપાળી હોય, તો એનો પોતાને મદ હોય કે 'મારી વાઈફ જેવી તો કોઈની વાઈફ નથી.' એવું બને કે ના બને ?

પ્રશ્નકર્તા : બને છે.

દાદાશ્રી : હવે આ રૂપ રહેવાનું નથી. આ રૂપ કદરૂપું થતાં વાર નથી લાગે એવું. ઘડીકમાં કંઈ 'બળિયા બાપજી' નીકળે તો શું નીકળે એનું રૂપ ? 'બળિયા' નીકળે તો પછી રૂપ રહ્યું ? ગમે તેવું રૂપાળું હોય તોય? કંઈ આપણા હાથમાં છે આ સત્તા બધી ? એટલે એનો અહંકાર ના કરાય. 'મારા જેવો કોઈ રૂપાળો નથી' એ અભિમાનમાં ગયું. માટે 'હું ગોરો છું' એવું એ બોલે છે, એ અહંકાર નથી. આ લોકો તો અહંકારને સમજતા જ નથી. અને અભિમાની તો તરત ઓળખાય.

પ્રશ્નકર્તા : ગ્રુપ ફોટો જ્યારે પાડવાનો હોય ત્યારે અભિમાન તરત જ દેખાઈ આવે.

દાદાશ્રી : હા. અરે, પેલો ફોટોગ્રાફર જ સમજી જાય કે આ અભિમાનમાં આવ્યો છે. પણ એ ફોટોગ્રાફર અમને જોતાં તરત જ સ્વીચ દબાવી દે. એ જાણે કે આ બિલકુલ અભિમાન રહિત દેખાય છે. અને પેલો અભિમાની તો આમ ચોક્કસ થઈ જાય તે ઘડીએ. અલ્યા, ચોક્કસ શું કરવા થઈ જાય છે ? જ્યારે અમારે સાહજિકતા હોય.

પ્રશ્નકર્તા : અભિમાન અહંકાર જેવું જ ને ?

દાદાશ્રી : ના, અહંકાર તો સારો. અહંકાર તો કાઢી નખાય ને અભિમાન તો મહાદુઃખદાયી. કુદરતનો ધંધો શું છે ? અભિમાનને જ ઉતારવાનો ધંધો છે. અભિમાન વધે કે પડ્યો જ છે. મારે લાપોટ ઉપરથી ! અહંકારનો વાંધો નથી.

અહંકાર ને અભિમાન

અભિમાન અને અહંકારમાં ફેર શું હશે ? 'હું ચંદુભાઈ' એ અહંકાર. જ્યાં નથી ત્યાં તમે આરોપ કરો કે હું છું, એનું નામ અહંકાર. અને આ મારા બંગલા, આ મારી મોટરો એમ દેખાડે, એ અભિમાન ! ત્યારે ધોળા વાળ કેમ નથી દેખાડતા ? 'જુઓ, મારા ધોળા વાળ આવ્યા, જુઓ !' પણ અત્યારે તો લોક કાળા કરી લાવે પાછા, હં ! રંગી લાવે ! એટલે અહંકાર તો અણસમજણથી થયેલો છે અને અભિમાન તો સમજણપૂર્વક. પોતે ગર્વરસ લે છે કે 'જો આ જુઓ, આ મારી વાડી જુઓ, આ જુઓ, તે જુઓ.' એટલે આપણે જાણીએ કે અભિમાન ચડ્યું છે આને.

હવે કોઈ માણસ એક પદ બોલે. પછી આપણે ખુશ થઈ જઈએ એટલે એ બીજા બે-ત્રણ પદ બોલે. તો એય અભિમાન !

આ અભિમાન એટલે તમને સમજાયું ને ? પૌદ્‌ગલિક 'વેઈટ' (વજન)ને પોતાનું 'વેઈટ' માનવું તે. 'હું મોટો છું' એમ માનવું, પછી સોનાની જણસો, ઘડિયાળ, ઘરાં ને એ બધું જે પૌદ્‌ગલિક 'વેઈટ' છે એને પોતાનું 'વેઈટ' માનવું, તે અભિમાન ! આ બંગલાનું 'વેઈટ' છે એને પોતાનું જ 'વેઈટ' એ માને. આપણા લોક તો 'આ મારો બંગલો જુઓ ને આમ જુઓ ને તેમ જુઓ, આ મારો બંગલો કેવો સરસ છે !' એવું બોલે તો કોઈ કહેશે કે અહંકાર બોલે છે. કોઈ કહે, 'આ અહંકારી છે.' ના, એ અભિમાની કહેવાય. વસ્તુ તો એની પાસે છે, પણ એનું આરોપણ કરીને પોતાનો દેખાવ કરવો ગર્વ ચાખવા માટે, એ અભિમાન કહેવાય. અભિમાનમાં તો, એ રસેય બહુ મીઠો હોય. 'આ મારા બંગલા' એમ કહે કે તરત મહીં મીઠાશ વર્તે. એટલે પછી એને 'હેવમોર' (આઈસક્રીમ)ની પેઠ ટેવ પડી જાય.

બીજા લોકોને માન રાખવાનો અધિકાર ખરો, કે ભઈ, મારે જો ફ્લેટ ઘરનો છે, મારે ગાડી ઘરની છે. એ માન રાખવાનો અધિકાર ખરો. બાકી, અભિમાન રાખવાનું કંઈ કારણ નથી. અને અભિમાન તો કોણ કરી શકે ? અહીં આગળ જેને પાંચ-દશ મોટા મોટા મકાનો હોય, એ અભિમાન કરી શકે. એની પાસે કંઈ એવી સગવડ હોય, એક નાના ગામની એસ્ટેટ ને એવું હોય, તે અભિમાન કરે. આ ગમે તે એક ફ્લેટ હોય પાંચ-પચ્ચીસ લાખનો, ને એ રાઈ ચઢાવે એનો શો અર્થ છે તે ? ગમે એટલું સરકાર કનડે તોય એના વૈભવમાં બીજું નુકસાન ના થાય, વખતે એ અભિમાન કરે તો ચાલે.

પ્રશ્નકર્તા : રાઈ ભરેલી એટલે અભિમાન વધારે હોય, એનું નામ રાઈ ભરેલી ને ?

દાદાશ્રી : અભિમાનવાળા જુદા અને

રાઈવાળા જુદા ! રાઈવાળાને કશી મિલકત જ ના હોય. અભિમાન કરવા જેવું ના હોય તોય રાઈ બહુ હોય, મગજમાં રાઈ ભરેલી હોય.

પ્રશ્નકર્તા : દાદા, રાઈ કેમ કીધી હશે ?

દાદાશ્રી : પેલો બોલે એવું તે લ્હાય જેવું હોય. એવું બોલે કે આપણને આધાશીશી ચઢી જાય, હેડેક થઈ જાય.

હવે તમને અભિમાન સમજાઈ ગયું ? અને અહંકારની વાત સમજાઈ ગઈ ?

જ્યાં પોતે નથી કર્યું, ત્યાં 'મેં કર્યું' એમ કહે છે, તે અહંકાર છે. અહંકાર કરી છાતી ફુલાવીને ફરવું તે માન ને પછી 'પોતે કર્યું' એમ બધાને કહેતા ફરવું, તે અભિમાન કહેવાય.

પ્રશ્નકર્તા : સંયમ આવે તો સંયમની સાથે અભિમાન પણ ઊભું થયા કરે ને !

દાદાશ્રી : જ્યાં અભિમાન હોય ત્યાં સંયમ હોય નહીં. અભિમાની આંધળો હોય અને સંયમ હોય ત્યાં અભિમાન તો નહીં, પણ અહંકાર પણ ના હોવો જોઈએ.

માન અને સ્વમાન

પ્રશ્નકર્તા : માન અને સ્વમાન વચ્ચે ભેદ શું ?

દાદાશ્રી : માન એટલે 'ઈગો વીથ રીચ મટેરીયલ્સ.' અને સ્વમાન એટલે પોતાની જે ક્વૉલિટી છે ને એટલા પૂરતું જ માન ! પોતાને જે ક્વૉલિટી ફીક્સ છે એટલા પૂરતું જ માન કે 'ભઈ, હું ગ્રેજ્યુએટ થયો છું.' તે ગ્રેજ્યુએટ પૂરતું જ માન. એ સ્વમાન પોતાનું, પોતે જે છે એવું માગણી કરે. એથી વધારે નથી માગતો. એ સ્વમાન ભંગ થાય ત્યારે એને લાગે કે 'હું ગ્રેજ્યુએટ થયો છું ને વળી આ શું કહે છે ?' એટલે ગ્રેજ્યુએટ છે એટલા પૂરતું જ. અને તે એને માટે યોગ્યતા ધરાવે છે, એટલે એને છંછેડવો ના જોઈએ. સ્વમાન ભંગ ના કરવું જોઈએ કોઈનું.

અને માન એટલે શું ? એની પાસે ડીગ્રી કે ક્વૉલિટી નથી એ જોવાનું નહીં, ને ગુણની વાત તો ક્યાં ગઈ પણ ત્રણ હજારનું ઘડિયાળ છે, ચશ્મા સોનાની ફ્રેમવાળા છે, લોંગ કોટ સરસ પહેર્યો હોય, એ બધું માન !

પ્રશ્નકર્તા : એ 'ઈગો' ઘવાયો અને સ્વમાન ઘવાવું, એ બે વચ્ચે તફાવત ખરો ?

દાદાશ્રી : બહુ જ ! સ્વમાન ઘવાયું એટલે તો સામો માણસ વેર વાળે.

પ્રશ્નકર્તા : અને 'ઈગો' ઘવાય તો વેર વાળે નહીં ?

દાદાશ્રી : ના, કશુંય નહીં. 'ઈગો'નો વાંધો નથી. પણ આ શ્રીમંતોને 'ઈગો' હોતો જ નથી ને ! 'ઈગો' હંમેશા ગરીબોને એકલાને જ હોય છે. આપણે જેને કહીએ છીએ ને, 'ચાલ નાલાયક', તોય કશું અસર નહીં, એનું નામ 'ઈગો.' છતાં એકલું એવુંયે નહીં, 'ઈગો'ની અસરેય થાય અને અસર નાયે થાય. 'ઈગો' અસર કરેય ખરો, તે વખતે (સામાને) કાપીય નાખે અને અસર નાય થાય. પણ આ શ્રીમંતોને એકલો 'ઈગો' ના હોય.

પ્રશ્નકર્તા : તો શ્રીમંતોમાં શું હોય ?

દાદાશ્રી : શ્રીમંતોને માન હોય, અભિમાન હોય, સ્વમાન હોય, એ બધું જાતજાતનું હોય. એમને 'ઈગો' વીથ (સાથે) બધું હોય. અને પેલા ગરીબોને 'ઈગો' વીથ કશું ના હોય બિચારા પાસે.

પ્રશ્નકર્તા : કોઈ માણસે કોઈ સારું કાર્ય

કર્યું હોય તો એનું અભિમાન લે અને કોઈક માણસને ઊતારી પાડવા માટે અભિમાન કરે તો ?

દાદાશ્રી : એ બધું અભિમાન ગણાતું નથી.

પ્રશ્નકર્તા : તો એ બે વચ્ચેનો તફાવત શું ?

દાદાશ્રી : માન અને અભિમાન એ 'વીથ રીચ મટેરીયલ્સ' હોય !

પ્રશ્નકર્તા : એટલે માન અને અભિમાન એ સાધન-સંપત્તિ સાથે જોડાયેલા છે ?

દાદાશ્રી : હા, બીજું કોઈ નહીં.

સ્વમાન અને અભિમાન

પ્રશ્નકર્તા : સ્વમાન અને અભિમાન એ બે વચ્ચેનો ભેદ ?

દાદાશ્રી : સ્વમાન એટલે એ કયા પ્રકારનું માન ? 'મને કોઈ સહેજે સળી ના કરે' એવા પ્રકારનું માન અને આ મારી સ્થિરતાને કોઈ ડગાવે નહીં. સ્વમાન તો માણસ, કોઈ પોતાને સળી ના કરે એટલા પૂરતું જ રાખે છે. ને અભિમાની એટલે તો, તે શું કહે કે 'આ અહીંથી આપણો બંગલો શરૂ થયો, તે પેણે સુધી બંગલો છે. તેમાં પાછળ તો તમે જોયું જ નથી.' પછી એની છોડીની જણસો કરાવી હોય ને, તે બધી આપણને દેખાડે. એનું અભિમાન પોષાય એટલા માટે દેખાડે. પછી એની જમીન હોય તે બધી દેખાડે કે 'આ બસ્સો વીઘા જમીન મારી છે.' અને અભિમાની હોય ને, તે આખો દહાડો અરીસામાં જો જો કરે કે હું કેવો રૂપાળો છું ! અને લોકો કહે છે ને, અમારા બાપ-દાદા આમ ને તેમ ને કુળવાન, એ બધા અભિમાની. એને સ્વમાની ના કહેવાય.

સ્વમાની તો વ્યવહારથી લેવું-દેવું એમાં હોય. સ્વમાન એટલે સામાનું સ્વમાન રાખવું અને તેને બદલે પોતાનું સ્વમાન પ્રાપ્ત કરવું, એનું નામ સ્વમાન કહેવાય. એટલે સંસાર વ્યવહારમાં સ્વમાન એ તો વ્યવહાર છે. સ્વમાન ભંગ ના થાય ત્યાં સુધી ચલાવી લેવું પડે. જો કે આપણને તો આ મોક્ષમાર્ગ મળ્યો, એટલે આપણને સ્વમાનની તો વાત જ ના હોય. પણ સંસાર વ્યવહાર સ્વમાન સુધી સાચવવો જોઈએ, નહીં તો નફ્ફટ કહેવાય. સ્વમાનશીલ તો હોવું જ જોઈએ ને ! અજ્ઞાનીમાંય એટલું તો હોવું જ જોઈએ. એટલી બાઉન્ડ્રી તો જોઈએ ને ! બાઉન્ડ્રીની બહાર, એવું તે કેમ ચાલે ? સ્વમાન એટલે અપમાન ના થાય એ માટેનું રક્ષણ કરવું તે.

સ્વમાન એ તો બહુ મોટામાં મોટી ચીજ છે, અજ્ઞાન દશાની સદ્ગુણની લિમિટ છે ! સ્વમાનને તો અમે બહુ વખાણ્યું છે, આ હિસાબે કે અજ્ઞાન દશાની સદ્ગુણની લિમિટ ! અજ્ઞાન દશામાં સદ્ગુણ તો હોય ને ? તેની આ લિમિટ !

પ્રશ્નકર્તા : સ્વમાન ક્ષમ્ય છે કે નહીં ?

દાદાશ્રી : આ 'જ્ઞાન' લીધું હોય ને, એટલે સ્વમાન ક્ષમ્ય છે. નહીં તો સ્વમાનેય રાખવું જોઈએ જ. અજ્ઞાન દશામાંય સ્વમાન તો રાખવું જોઈએ ને ! સ્વમાન ના હોય તો લીહ્ટ (નફ્ફટ) થઈ જાય પાછો. લીહ્ટ થઈ જાય એટલે બાઉન્ડ્રી ચૂકી જાય.

પ્રશ્નકર્તા : પણ સ્વમાનમાં અહમ્‌નો અંશ ખરો કે નહીં ?

દાદાશ્રી : ભલે, એ અહમ્ તો છે જ જાણે. પણ તોય લીહ્ટ ના થઈ જાય. સ્વમાનને લઈને બાઉન્ડ્રીમાં રહે, બાઉન્ડ્રી ચૂકે નહીં એ કોઈ દહાડોય. એટલે અજ્ઞાન દશામાંય સ્વમાનની જરૂર છે.

પ્રશ્નકર્તા : હવે દરેકનું પોતાનું સ્વમાન તો

હોય. એટલે સ્વમાન તો આપણે આપણું રાખવું જોઈએ ને ?

દાદાશ્રી : આ 'જ્ઞાન' લીધું, હવે સ્વમાન શેનું રાખવાનું ? હવે સ્વમાન કશું ના હોય.

પ્રશ્નકર્તા : પણ પ્રસંગોપાત કંઈક એવો પ્રસંગ બન્યો, ત્યારે આપણે આપણું સ્વમાન રાખવું જોઈએ ને ?

દાદાશ્રી : પણ સ્વમાન ને આપણે લેવાદેવા ના હોય. માન ને સ્વમાન બધુંય ગયું. એવું છે, 'સ્વ' બદલાયેલું ના હોય, એને સ્વમાન રાખવાનું. આ તો 'સ્વ' જ બદલાઈ ગયું ત્યાં આગળ ! 'સ્વ' બદલાઈ ગયું એને સ્વમાન હોય કે ? સમજણ ના પડી તમને ?

પ્રશ્નકર્તા : પણ ડ્રામેટિક સ્વમાન તો રાખવું જોઈએ ને ?

દાદાશ્રી : એ તો રહે જ. જેટલું રહે એ સાચું. બાકી, સ્વમાન રાખવાની જરૂર નથી. એ પાછો આપણે ક્યાં ધંધો માંડીએ, નવો વેપાર !

સ્વમાન એટલે આપણે 'ચંદુભાઈ' છીએ અને તે પોતાનું માન સાચવવું. પણ જ્યાં સુધી આપણે 'ચંદુભાઈ' છીએ ત્યાં સુધી. અને આપણે શુદ્ધાત્મા થયા, તો એ વાત જ ક્યાં રહી ? આ 'જ્ઞાન' પછી 'પોતે' 'આત્મા' થયો. પછી સ્વમાન જ ક્યાં રહ્યું ? સ્વમાન તો, દેહાધ્યાસનું માન, એનું નામ સ્વમાન. પણ 'આપણે' 'આત્મા' થયા પછી સ્વમાન રહ્યું જ ક્યાં ? પણ આ નિકાલી બાબતનું સ્વમાન રહે. નિકાલી બાબતની આપણે લેવાદેવા નહીં ને !

અભિમાની : મિથ્યાભિમાની

પ્રશ્નકર્તા : અભિમાન અને મિથ્યાભિમાન વચ્ચે શું ફરક ?

દાદાશ્રી : અભિમાન તો, આ ઘરાં એના પોતાના હોય અને પ્રત્યક્ષ દેખાડે એ અભિમાન કહેવાય. અને મિથ્યાભિમાનવાળાને તો, ભઈને ખાવાનુંયે ઠેકાણું ના હોય ને બહાર લોકોને કહેશે, 'અમારે તો બધી આમ સાહેબી છે.....' ને એવી બધી ઠોકાઠોક કરે. એવા લોક નહીં જોયેલા ? આપણા લોકોય કહે કે એ મિથ્યાભિમાની છે. મિથ્યા એટલે કશું છે નહીં અને અભિમાન કરે છે, બણગાં ફૂંકે છે. જ્યારે અભિમાની તો, એને લોકો જાણે કે 'ના, ભઈ મિલકતવાળો છે તે અભિમાન કરે છે. અભિમાન કરવા લાયક છે, પણ એમણે અભિમાન ના કરવું જોઈએ. એમણે ના બોલવું જોઈએ.' અભિમાની એટલે વધારે પડતું આપણે માન એને આપીએ જ. કારણ કે શ્રીમંત છે ને ! પણ એ બોલ્યો એટલે આપણા મનમાં કડવું લાગે કે 'તું જાતે કેમ બોલ્યો ? અમે વાહ વાહ કરીએ, તે તારે સાંભળવાની.'

એનું નામ મિથ્યાભિમાન

પ્રશ્નકર્તા : મિથ્યાભિમાન માટે કંઈક દાખલો કહો ને !

દાદાશ્રી : મિથ્યાભિમાન એટલે શું ? ઘરાં હોય નહીં ને પાછો કહે, 'આ બધી મારી મિલકત ઘણી છે.'

એક પટેલ ગાડીમાં બેઠા હતા. તે અમારા ગામના જ હતા. જોડે એક કોઈ ગામડાનો માણસ હશે, તે સારો માણસ હતો. તેણે પૂછ્યું, 'કાકા, ક્યાં જાવ છો ?' ત્યારે ભઈ કહે, 'ભાદરણ જાઉં છું.' 'ત્યાં કેટલા દહાડા રહેશો ?' પેલાએ પૂછ્યું. ત્યારે પટેલ કહે, 'ભાઈ, રહેવાનું તો દસ-બાર દહાડા જ છે. પણ બે દહાડા તો મારે ઘર સાફ કરતા થશે.' 'ઘર સાફ કરવામાં એક કલાક-બે કલાક થઈ જાય.' પેલા ભાઈએ કહ્યું, ત્યારે પટેલે

કહ્યું, 'ભઈ, નીચેના ઓરડાં જ વાળતાં બે-ચાર કલાક થાય. પછી બીજો માળ, ત્રીજો માળ. બધાનો કચરો કાઢવાનો. વળી બાથરૂમો ધોવાની, ફલાણું ધોવાનું. ગોદડાં સો-દોઢસો હશે, તે પાછા સાફ કરવાના.' આમ એમણે તો ફાડ ફાડ કર્યું. પેલાએ પણ સાંભળ સાંભળ કર્યું. જો ચિતર ચિતર કર્યું ! દોઢસો ગોદડાં (!)

પછી એમના 'વાઈફ' મને આવીને કહેતા હતા, 'જુઓ ને, આ તો આવું બોલતા હતા.' ત્યારે એમના ધણીએ મને શું કહ્યું ? 'હું બધું પેલાને કહેતો હતો, તે આણે મારી ત્યાં આબરૂ બગાડી નાખી. આણે કહી દીધું કે એવું બધું કશું નથી. તમે માનશો નહીં. હું આબરૂ બાંધતો હતો, હું આબરૂ વધારતો હતો, ત્યારે આણે આબરૂ મારી તોડી નાખી.' અલ્યા, આમાં ક્યાં આબરૂ વધવાની તે ? કોની આબરૂ વધવાની ? શું આ તોફાન ! આ મિથ્યાભિમાન. ભાડાના ઘરમાં રહેવું અને મોટી મોટી વાતો કરવી !

અરે, લૂગડાંયે ભાડાના લઈ આવે ને, પછી ? 'હમારા દો બંગલા હૈ ઔર ખેત તો બડા હૈ, વો બગીચા હૈ અંદર.' કોટ ઈસ્ત્રીબંધ હોય, પણ તે ભાડાનો. તે આપણો કોટ ધોબીને ત્યાં હોય અને ધોબી પેલાને ભાડે આપે. પછી કો'કનો પહેરેલો કોટ આપણે પહેરવાનો પાછો. તે દેખ, આ દુનિયા તો જો ! અને આપણે કહીએ કે કોઈનું પહેરેલું હું પહેરું નહીં. આવી દુનિયા ચાલે છે અંદર ! જોઈ લીધેલું મેં બધું. તમે ઓળખોય ખરા કે આ ભાઈ (મારો) કોટ પહેરીને ફરતો હતો. તે તમને મનમાં થાય પણ ખરું કે આ કોટ મારા જેવો, ને અહીં આગળ ડાઘ હતો, તેનો તે ડાઘેય છે આ. પણ એ ભાઈને શું કહેવાય આપણાથી ? એવી આ દુનિયા છે.

અભિમાન, સ્વપ્રશંસા અને ગર્વરસ

પ્રશ્નકર્તા : અભિમાન અને ગર્વ, એમાં કંઈ ફેર ખરો ?

દાદાશ્રી : અભિમાન ને ગર્વ બેઉ સામસામા ત્રાજવામાં મૂકીએ તો કેટલું થાય ? એક બાજુ ત્રાજવામાં ગર્વ મૂકીએ ને એક બાજુ અભિમાન મૂકીએ તો શું થાય ? સરખું વજન થાય ? અભિમાન પા રતલ થાય અને ગર્વ ચાલીસ રતલ થાય.

પ્રશ્નકર્તા : કઈ રીતે એ સમજાવો.

દાદાશ્રી : એવું છે, લોક તો અભિમાનને સમજતું નથી, ગર્વમાં સમજતું નથી. ગર્વ એટલે અભિમાન નહીં. અભિમાન શબ્દ જુદો, ગર્વ જુદો, અહંકારેય જુદો.

પ્રશ્નકર્તા : તો ગર્વ એટલે હુંપદ ?

દાદાશ્રી : ના. હુંપદ એટલે અહંકાર કહેવાય. 'હું ચંદુભાઈ છું' એ અહંકાર કહેવાય. વખતે તમારામાં અભિમાન ના પણ હોય, ગર્વ પણ ના હોય. જ્યાં પોતે નથી ત્યાં હું માનવું, એનું નામ હુંપદ. જે સ્વપદ ચૂક્યા એ હુંપદમાં હોય. પણ ગર્વ એટલે શું ? ગર્વરસ તો બહુ ચીકણો હોય. આ અભિમાન તો ભોળો રસ બિચારો, પા રતલ ! ને ગર્વરસ તો ચાલીસ રતલ !

પ્રશ્નકર્તા : આ જરા ગર્વરસનો દાખલો આપી સમજાવો.

દાદાશ્રી : અભિમાનમાં એવું ના જાણે કે 'આ બધાનો કર્તા હું છું' અને ગર્વરસ તો 'હું કર્તા છું' એવું માને. એટલે એકનો કર્તા એટલે આખા બ્રહ્માંડનો કર્તાય પણ હું છું એવું માને. એટલે ગર્વરસ તો બધો બહુ સુધી પહોંચે છે. ગર્વ

કરતા હશે કોઈ ? અરે ! બધી બાબતમાં ગર્વ છે. 'હું કરું છું' એ ભાન, એ બધું ગર્વ કહેવાય.

કૃપાળુદેવને 'હું કરું છું' એ ભાન ગયું ત્યારે સાચું સમકિત થયું, ત્યારે એમણે શું કહ્યું કે 'મટ્યો ઉદયકર્મનો ગર્વ રે !' આખું જગત ઉદયકર્મના ગર્વવાળું. એમાં એકુંય અપવાદ નહીં. કારણ કે જ્યાં સુધી પોતે 'સ્વરૂપ' થાય નહીં, ત્યાં સુધી બીજી જગ્યાએ છે ને બીજી જગ્યાએ છે એટલે ગર્વ રહ્યા વગર હોય નહીં.

'ઈગોઈઝમ' શાથી પેઠો છે ? અજ્ઞાનતાને લઈને. શેની અજ્ઞાનતા ? આ બધું કોણ કરે છે તે અજ્ઞાનતા છે. તેથી, નરસિંહ મહેતા શું કહે છે ? 'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જયમ શ્વાન તાણે, સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કો'ક જાણે.'

શું ખોટું કહે છે આ નરસિંહ મહેતા ? ત્યારે કેટલાક કહે છે કે 'મેં આ કર્યું, મેં સ્વાધ્યાય કર્યો, મેં તપ કર્યું, મેં જપ કર્યાં.' તે કયું સાચું ? એટલે 'હું કરું હું કરું' એ અજ્ઞાનતા, તે શી રીતે પામે માણસ ? અને ગર્વ એટલે શું ? પોતે કરતો નથી ત્યાં 'મેં કર્યું' એમ કહે, એનું નામ ગર્વ. પોતે કરતો નથી, 'ઈટ હેપન્સ' (આપમેળે) છે. તેને બદલે શું કહે છે લોકો ?

પ્રશ્નકર્તા : મેં કર્યું.

દાદાશ્રી : એનું નામ ગર્વ.

પ્રશ્નકર્તા : એમ કહેવાય છે કે જ્ઞાનનો પણ ગર્વ આવી જાય.

દાદાશ્રી : જ્ઞાનનો ગર્વ તો વળી આપણે ચલાવી લઈએ કે સારી વાતનો ગર્વ છે. પણ આ તો અજ્ઞાનનોય ગર્વ છે.

પ્રશ્નકર્તા : ને ગર્વ સારા અર્થમાં પણ વપરાય છે ને, કે આ ગર્વ લેવા જેવી વાત છે.

દાદાશ્રી : એ પછી સારા અર્થમાં વપરાય છે, પણ મૂળ ગર્વ જગતમાં આ અહીં છે. એ પછી એને લઈ ગયેલા સારા અર્થ માટે.

પ્રશ્નકર્તા : અને પોતે એક સારું કાર્ય કર્યું હોય તો પોતે બીજાને કહેય ખરો, દશ જણને કહી આવે, કે 'મેં આવું કર્યું, આવું કર્યું.' એવુંયે કહેવાઈ જાય, તો શું કરવું ?

દાદાશ્રી : હા, પણ કહે તો જ એને ગર્વરસ થાય ને ! ગર્વરસ એનું નામ કહેવાય કે બીજાને કહે એટલે ગર્વરસ ઉત્પન્ન થાય. ત્યારે એને મજા આવે. અને કોઈ ઊંઘી ગયો હોય ને, તો થોડીવાર પછી એને ઊઠાડીને પણ કહે, ત્યારે જ છોડે !

પ્રશ્નકર્તા : સ્વપ્રશંસા ને ગર્વરસમાં શું ફેર હોય ?

દાદાશ્રી : સ્વપ્રશંસા એટલે કોઈક કહે કે 'તું બહુ ડાહ્યો છે, ને તું બહુ લાયક માણસ છે, ને તારા જેવા માણસ ક્યાંથી મળે !' એ સ્વપ્રશંસા ! એવું કહે એટલે પછી બીજું બધું વિસારે પડી જાય. તમારે આખો દિવસ કામ કરાવવું હોય તો એ કરેય ખરો.

અને ગર્વરસ એટલે 'મેં કેવું સરસ કર્યું, કેવું આમ કર્યું !' જે કામ કર્યું હોય ને, તે 'કેવું સરસ છે' એમ એનો રસ ચાખે, એ ગર્વરસ !

એ ગર્વરસ ચાખવાની ટેવનું કારણ શું ? બસ, એની પાછળ અહંકાર છે, ઈગોઈઝમ છે કે 'હું કંઈક છું.'

ગર્વ એટલે 'જ્યાં પોતે નથી કરતો' ત્યાં આગળ 'કરે છે' એવું માનવું. તે વખતે રસ ઉત્પન્ન

થાય છે મહીં, ગર્વરસ ઉત્પન્ન થાય છે. તે બહુ મીઠું લાગે છે, એટલે એને મજા આવે છે કે 'મેં કર્યું !'

પ્રશ્નકર્તા : અને વાતાવરણ પણ એવું છે કે નિમિત્તને ચોંટી પડે, હારતોરા કરે, માનપત્રો આપે કે 'તમે જ કર્યું.'

દાદાશ્રી : હા, 'તમે જ કર્યું, તમે જ કર્યું' એમ કરીને ચોંટી પડે.

કોઈનું સારું કર્યું ને, એનો ગર્વ લે. પાછું ખરાબ કર્યું, તેનોય ગર્વ લે. એટલે કે ભલભલાને મારી નાખેલા, એનો ગર્વ લે. ભલભલાને મેં શ્રીમંત બનાવી દીધેલા, પૈસાવાળા બનાવી દીધા, એવો ગર્વ લે. એ સ્વમાન ના કહેવાય, અભિમાન ના કહેવાય.

કોઈ જગ્યાએ પાન ના મળે ને પાન કોઈ લઈ આવ્યું હોય તો બે-ત્રણ વખત ગાઈ બોલે, 'કોઈ જગ્યાએ નહોતું મળતું, હં !' એ ગર્વરસ. 'હું હતો તે લઈ આવ્યો, નહીં તો આ ઠેકાણું ના પડત' કહેશે. એ ગર્વરસ ચાખે. બહુ મઝા આવે.

પ્રશ્નકર્તા : ગર્વ લેવો, એ તો ખોટું જ કહેવાય ને !

દાદાશ્રી : ગર્વથી સંસાર ઊભો રહ્યો છે. સંસારનું બીજ જ ગર્વ છે, અહંકાર નથી.

પ્રશ્નકર્તા : ગર્વ એ બીજ છે, એ કઈ રીતે ?

દાદાશ્રી : અહંકારમાં સ્વાદ હોતો નથી. એટલે અહંકાર બેસ્વાદ છે અને આ ગર્વરસ સ્વાદિષ્ટ છે, બહુ જ સ્વાદિષ્ટ ! માન-અભિમાન એ સ્વાદિષ્ટ ખરું, પણ ગર્વ જેટલું નહીં. ગર્વ જેવું તો કોઈ સ્વાદિષ્ટ વસ્તુ જ નથી.

એટલે કર્તા ખરેખર નથી આપણે. કર્તા બીજી જ વસ્તુ છે. આ આપણે આરોપ કરીએ છીએ, આરોપિત ભાવ કરીએ છીએ કે 'હું કરું છું આ.' એનો ગર્વરસ ચાખવાનો મળે. એવો ગર્વરસ તો બહુ મીઠો લાગે પાછો અને તેથી કર્મ બંધાય. ગર્વરસ ચાખ્યો, આરોપિત ભાવ કર્યો કે કર્મ બંધાયું.

માનના પર્યાયો અનેક

આ માનના શબ્દો તો બધા બહુ પર્યાયોમાં છે, એટલા બધા પર્યાયો છે.

પ્રશ્નકર્તા : તુંડમિજાજી, ઘમંડ એ બધા કહેવાય ?

દાદાશ્રી : હા, એ તો બધા જાતજાતના શબ્દો એવા છે. લોક તો ગર્વ અને ગારવતા, એ બધું પોતાની ભાષાથી સમજે ને ! અભિમાનને ગર્વ કહે એવા લોક છે આપણા. અહંકાર કોને કહેવો, અભિમાન કોને કહેવું, માન કોને કહેવું, ગર્વ કોને કહેવો, તુમાખીવાળો કોને કહેવો ?

પ્રશ્નકર્તા : ખુમારીવાળો કોને કહેવો ?

દાદાશ્રી : ખુમારીવાળો, એ બધા જાતજાતના અભિમાન છે ને ! પછી કયો શબ્દ ? ઘમંડી ! ઘમંડ તો કશોય માલ ના હોય ને કહેશે, 'અરે, વકીલના બાપને હરાવી પાડું.' એટલે આપણે સમજીએ કે ઘમંડી છે એ. જાતજાતના લોક બધા, માલ બધો જાતજાતનો ! પછી મચ્છરાયેલો કહે, વળી આનામાં ઘેમરાજી બહુ છે, એમેય કહે. તે આ બધામાં 'ડિફરન્સ' (તફાવત) છે, તેને લઈને નામ જુદું જુદું પાડેલું. મચ્છરાળો તો થોડોક મચ્છર જેવો જ હોય. ચટકો મારે એ, તો લ્હાય બળે.

પ્રશ્નકર્તા : પણ આ બધા અભિમાન, ઘમંડ, એ માણસની અમુક ઉંમર પછી આવે ને ? બાળકમાં એવું કંઈ બહુ હોતું નથી.

દાદાશ્રી : બાળકમાં બિલકુલેય ના હોય. જેમ બુદ્ધિ વધે, તેમ આ બધું તોફાન વધતું જાય.

પ્રશ્નકર્તા : તુંડમિજાજી એની 'ડેફિનેશન' (વ્યાખ્યા) શું કહેવાય ?

દાદાશ્રી : તુંડમિજાજ ! નહીં સમજણનો આંકડો, નહીં લક્ષ્મીનો આંકડો, તોય મિજાજ પાર વગરનો. પૈણવાનું ના મળતું હોય તોય પાછો મિજાજ ! અલ્યા, પૈણવાનું નથી મળતું તોય શાનો મિજાજ કર્યા કરે છે તે ? એ તુંડમિજાજ કહેવાય ને, પછી.

પછી તુમાખીવાળો. તે આજથી પોણો સો વર્ષ ઉપર કલેક્ટરો, પોલીસો, ડી.એસ.પી.ઓ., એ બધાની તુમાખી હતી, જાણે ભગવાન હોય એટલી તુમાખી રાખતા હતા. અને મોટા મોટા શેઠિયાઓને મારે-ઝૂડે. મોટા મોટા શેઠિયાઓને હંટરથી ફટકારે. જો તુમાખી, તુમાખી ! અમારો ધંધો કંટ્રાક્ટનો ને, એટલે બધા ઓફિસરો પાસે જવાનું, તે તુમાખીવાળા જોયેલા ત્યાં. આ ટ્રેનમાં કલેક્ટરના સામે ફર્સ્ટ ક્લાસમાં બેસાય નહીં. આમ ચોખ્ખા હતા. શિસ્તની બહાર ના ચાલે. પણ ત્યારે તુમાખી પાર વગરની હતી. કેવી તુમાખી ! લોકોને હડધૂત હડધૂત કરી મૂકે. અમારા કામ પર એક્ઝિક્યુટીવ એન્જિનિયર આવે ને, તે ધમધમાટ કરાવી દે અને ધારે એમ કરી નાખે. કારણ કે પાવર છે ને, એની પાસે.

અમે જોયેલી આ તુમાખી બધી. તે મને અત્યારે હસવું આવે છે, આ મોટા મોટા કલેક્ટરોને જોઈને. પહેલાં શું તુમાખી રાખતા હતા, જાણે ભગવાન આવ્યા હોય એવું. અને અત્યારે તો કલેક્ટર ચપ્પલ પહેરીને નીકળ્યો હોય ને એના પગ ઉપર આપણો બૂટ પડે તો 'પ્લીઝ, પ્લીઝ' કરે. પહેલાં તો આવું બન્યું હોય ને, તો હંટરથી ફટકારે. તેય સ્ટેશન ઉપર ને સ્ટેશન ઉપર જ ફટકારે. જ્યારે હવે તો 'પ્લીઝ, પ્લીઝ' કરે. આ માર ખાઈ ખાઈને જો પાંસરા થયા છે ! તુમાખી બધી ઊતરી ગઈ ને ! ગાડીમાં મોટો કલેક્ટર હોય તોય કશું બોલાય નહીં ને ! અને ગર્વનર હોય તોય ના બોલાય. પણ જો માર ખાઈ ખાઈને પાંસરા થઈ ગયા ! અને હવે તો કહેશે, 'હા, ચાલશે.' બઈનેય શું કહેશે ? 'હા, હા, ચાલશે, ચાલશે.' પહેલાં તો નહોતા બોલતા 'ચાલશે' ને હવે ?

આ તો બધું જો ટાઢું ટપ થઈ ગયું ! અને અત્યારે તો લોક મોટા માણસોનીયે ટીકા કરે તોય કશું નહીં. જો ટાઢા ટપ થઈ ગયા ને ! પાંસરા થઈ ગયા કે નથી થઈ ગયા ? પાંસરા થયા છે ને પાછા બીજા માર ખાઈ ખાઈને હજુ પાંસરા થશે.

પ્રશ્નકર્તા : પછી આગળ, ઘેમરાજી કેવો હોય ? ઘેમરાજી એટલે ઘમંડ ?

દાદાશ્રી : નહીં. એ ઘમંડેય જુદો છે, ઘેમરાજીયે જુદો છે. આ લોકો તો બહુ પાકા લોક છે. આટલે સુધી ઘમંડ અને આથી વધારે કરે તો ઘેમરાજી. પ્રમાણમાં ફેરફાર થયો હોય તો તરત જુદું પાડી નાખે. આ તો બહુ પાકા લોક છે.

ઘેમરાજી એટલે અહીંથી છેટે ત્રણ માઈલ જવાય એવું ના હોય શરીર, અને પાછો કહેશે, 'આખી દુનિયા ફરી આવું.' લોકો ઘેમરાજી રાખીને ફર્યા કરે અમથું. 'મગજમાં ઘેમરાજી રાખીને ફર્યા કરે એટલું જ છે.' કહે છે ને ? તે એ ઘેમરાજી રાખે. પછી આપણા લોકેય કહી આપે, આબરૂ કાઢી નાખે કે 'વગર કામનો ઘેમરાજી રાખે છે, જુઓ તો ખરા !' લોક તો કંઈ છોડે કે ? ઘમંડ રાખે તો છોડે નહીં, ઘેમરાજી રાખે તો છોડે નહીં. બધું જે જે કંઈ રાખે તેને છોડે નહીં, કહી આપે.

કહેશે, 'ઘમંડ રાખે છે આ.' 'અભિમાન કરે છે, માની છે.' બધું કહી આપે લોક તો.

ઘેમરાજી એટલે શું ? 'છીટ છીટ છીટ. તું જા ઘેર, છીટ છીટ.' બધાને 'છીટ છીટ' કર્યા કરે. અરે, પાંસરો રહે ને ! મને બેસવા તો દે. પણ ત્યારે કહે, 'છીટ છીટ.' એટલે એને બીજા લોકો હિસાબમાં જ ના આવે. એને બધા આ જાનવર જેવા લાગે. માણસોય જાનવર જેવા લાગે. બોલો હવે, એ ઘેમરાજી ! એ કઈ ભાષાનો શબ્દ લાગે છે તમને ? પર્શીયન ભાષાનો શબ્દ છે ?

પ્રશ્નકર્તા : આ તળપદી, ચરોતરિયા ભાષાનો છે.

દાદાશ્રી : હા, ચરોતરી ભાષા ! કહેશે, 'ઘેમરાજી બહુ છે. આ પાસે છે નહીં કશુંય ને ઘેમરાજી બહુ છે.' અને ઘેમરાજી શબ્દેય આપણા ગુજરાતીમાં છે ને ! હવે આ શબ્દ ક્યાંથી ઉત્પન્ન થયો, એનું 'રૂટ કૉઝ', હું ખોળું પણ તે જડતું જ નથી કશું ! અભિમાનનું એ બધાનું 'રૂટ કૉઝ' જડે છે.

પ્રશ્નકર્તા : એટલે શબ્દો જેટલા દેખાય છે એટલા સાદા નથી હોતા, અંદર બહુ રહસ્ય હોય છે.

દાદાશ્રી : હા, નર્યા અર્થના જ ભરેલા છે આ શબ્દો બધા. એ ઉપરનો અર્થ કરવાનો નહીં. એનો પરમાર્થ મહીં રહ્યો છે અંદર. પણ તે કેટલાય પડ જાય ત્યારે પરમાર્થ પ્રાપ્ત થાય.

પ્રશ્નકર્તા : આપે કહ્યું, 'અહંકાર બહુ જ હતો.' તો એનાથી આ અહંકારના બધા 'ફેઝિઝ' અનુભવમાં આવી ગયા ને ?

દાદાશ્રી : હા, બધી બાજુનો અનુભવ ! એના 'પરસ્પેક્ટિવ વ્યૂ' હઉ જોયેલા. 'પરસ્પેક્ટિવ' અહંકાર કેવો દેખાય, તે આમ ખબર પડે.

ઉન્મત્તતાનો રોગ

આ લોકો અહંકાર તો કેવો કરે તે ? અહીંથી આમ જતો હોય ને, ત્યારે સીધો 'સ્ટ્રેઈટ ફોરવર્ડ'ની (સીધી) રીતે જતો હોય, આમ સાહજિક રીતે પદ્ધતિસર ચાલતા હોય. અને પાછો આવતો હોય, તે ઘડીએ આપણે જાણીએ કે આ આનામાં કેમ ફેરફાર થઈ ગયેલો લાગે છે ? 'ફેસ' (ચહેરો) બદલાયેલો લાગે આપણને. પાછો આવતો હોય ત્યારે રોફભેર આવતો હોય. એટલે આપણે જાણીએ કે આ કંઈક ફેરફાર થયો છે, આને 'ઈફેક્ટ' (અસર) છે કંઈક.

એટલે એને આપણે કહીએ કે 'આવો આવો, જરા ચા પીને જાવ.' આપણે પેલું તપાસ કરવા માટે ચા પાઈએ છીએ, એમના રોફ સારુ નથી પાતા. ત્યારે એ જાણે કે એના રોફને લીધે ચા પાય છે. આપણે ચા-પાણી પાઈને પછી પૂછીએ કે 'કઈ બાજુ ગયા હતા ?' ત્યારે એ કહે, 'પેલા પાંચ હજાર રૂપિયા લેવાના હતા ને, તે લાવ્યો.'

ગજવામાં પાંચ હજાર આવ્યા, તે પાછું આ ચઢ્યું ! ઉન્મત્ત થઈ જાય. એને રોગ પેઠો છે આ, ઉન્મત્તતાનો રોગ ! એટલે એ રીંગણું થઈ ગયું પાછું ટાઈટ ! નહીં તો 'આમ' થઈ જાય રીંગણું.

બોલો હવે, એ પાંચ હજાર જો માણસને ટાઈટ કરતું હોય, માણસ ઉન્મત્ત થઈ જાય, તો અમને તો, 'જ્ઞાની પુરુષ'ને તો આખા ભગવાન જ વશ થઈ ગયેલા છે ! બોલો, અમારે ટાઈટ કેટલું બધું હોય ? પણ તોય ઉન્મત્તતા નથી જરાય. એ અજાયબી જ છે ને ! પાંચ હજાર જો આટલું ટાઈટ કરતા હોય, તો ભગવાન - આખો ત્રણ

લોકનો નાથ, જેને વશ થતો હોય તે કેવા ટાઈટ હોય ! પણ ના, ખરી લઘુતા ત્યાં જ હોય ! અમે તો નાના બાળક જેવા હોઈએ.

માન માપવાનું થર્મોમિટર

પ્રશ્નકર્તા : બહારના કોઈ મટિરિયલ્સ સિવાયનું પણ માન ખરું ને ? આ સાધુઓ, સંન્યાસીઓને કશાય મટિરિયલ્સ નથી હોતા, છતાંયે એમને માન જબરજસ્ત હોય છે, એ કયું માન ?

દાદાશ્રી : એમને માન છે તે કોઈ પુસ્તક-શાસ્ત્ર જાણું છું એ બધું હોય. આ પણ એક મિલકત જ કહેવાય ને ! શાસ્ત્ર બધું હું જાણું છું, એ મિલકત જ કહેવાય ને ! એ બધા મટિરિયલ્સ જ કહેવાય. એ બધું માન હોય છે.

પ્રશ્નકર્તા : અને કોઈ કશુંય ના જાણતો હોય તોય એને માન બહુ રહ્યા કરે, એવુંય બને.

દાદાશ્રી : હા, એવું હોય. કારણ કે એ માની બેઠો છે ને ! કોઈ પણ માણસ માન આપે તો એ સ્વીકાર ના કરે, મનથી સ્વીકાર ના કરે એટલે એનો પારો ન ચઢે પછી. એટલે એ એની જાતને માની બેઠો કે હવે મારામાં માન રહ્યું નથી. કારણ કે પેલા લોકો માન આપે તો એને બહુ અસર થાય નહીં, પોતે મહીં સ્વીકાર ના કરે. અને એ વર્તન એવું રાખે કે પેલા લોકોને ખોટું લાગે નહીં. એટલે મનમાં ને મનમાં એ જાણે કે મારો પારો ચઢતો નથી, માટે હવે માન રહ્યું નથી. નહીં તો પારો ચઢી જ જાય ને ! લોકોએ 'આમ' કર્યું અને પોતે સ્વીકાર કર્યો, એટલે પારો ચઢ્યો જ ને !

હવે એ સ્વીકાર નહીં કરતા હોય એટલે પારો ના ચઢે. પણ પછી મેં કહ્યું, 'તમારામાં માન નથી રહ્યું ને ? તે હવે થર્મોમિટર મૂકો કે ભઈ, તાવ ચઢ્યો કે ઊતર્યો ?' ત્યારે એ કહે છે, 'એ શું થર્મોમિટર ?' મેં કહ્યું, 'હમણે પંદર-વીસ જણ સગાવહાલાં બેઠા હોય, અને તમને કહે કે 'તમારામાં જરાય છાંટોય અક્કલ નથી.' ત્યારે એ અસર થઈ ગઈ ને ! અલ્યા, ક્યાં ગયું ? તારું માન નહોતું ને ? અપમાન જેવું માન નથી કોઈ. પેલા માનની તો કિંમત જ નથી, પણ અપમાન જેવું કોઈ માન નથી. અપમાન જેનાથી સહન નથી થતું એ જ મોટો માની. પેલા લોકો આપે એ માન તો સહન થઈ શકે, જ્યારે અપમાન સહન નથી થતું એ મોટામાં મોટું માન છે. એ મોટો માની કહેવાય.

નિર્માની : નિર્‌અહંકારી : નિર્મોહી

અત્યારે તો કેટલાક સાધુઓ નિર્માની થઈને ફરે છે. તે ના ચાલે. નિર્માની જોયેલા કે તમે ? નિર્માની એટલે નિર્‌અહંકારી કહેવાય ને ?

પ્રશ્નકર્તા : હા, નિર્‌અહંકારી.

દાદાશ્રી : જો જો એવું બોલતા (!) નિર્માનીને નિર્માની અહંકાર હોય, 'હું નિર્માની છું' એવો અહંકાર હોય અને માની લોકોને માની અહંકાર હોય. આ માનીનો અહંકાર સારો, પણ નિર્માનીનો અહંકાર તો કયા અવતારે ધોશો ? નિર્માનીપણું એ સૂક્ષ્મ અહંકાર છે, તે પેઠા પછી નીકળે નહીં કોઈ દહાડોય. 'હું નિર્માની છું, હું નિર્માની છું. અમે નિર્માની છીએ' કહેશે. તે નિર્માની થઈ બેઠો. એની પાછળ સૂક્ષ્મ અહંકાર છે. એના કરતા આ સ્થૂળ સારો કે લોકો કહી આપે, કે 'અલ્યા, આ તમારો આટલો પાવર છે, તેને લીધે છાતી કાઢીને ફરો છો કે ?' એવું કહે કે નહીં? અને પેલાને તો કોઈ કહેનાર જ મળે નહીં. કોઈ વઢનાર જ મળે નહીં ને ! એ પછી વધ્યા જ કરે દહાડે દહાડે. એટલે મારે મોઢે કહેવું પડે છે કે જરા સમજો,

નહીં તો રખડી મરશો. નિર્અહંકારી થવું પડશે. નિર્માનીપણું ના ચાલે. તમે સમજ્યા ને, નિર્માની એટલે શું ?

આ તમને 'જ્ઞાન' આપીએ એટલે નિર્અહંકારી થાવ. પેલું નિર્માની એ પાછો મોટો અહંકાર છે. એ લફરું બહુ મોટું છે બળ્યું ! આ માનનું લફરું તો સારું. એ ભોળું છે લફરું. તે કોઈ કહી આપેય ખરાં કે 'અલ્યા, છાતી શાની કાઢો છો આટલી બધી ?' કહે કે ના કહે ? અરે, તમે જ પેલાને કહો ને, કે 'હું કામ કરતો હોઉં તો આવી છાતી વગરનો ફરું છું ને તમે છાતી શાને કાઢો છો ?' પણ નિર્માનીને તો કોઈ કહેનાર જ નહીં ને ! માન-બાન કશુંયે નહીં. નિર્માનીપણું એ તો સૂક્ષ્મ અહંકાર છે, એટલે શું? ઉપરના શીંગડા કાપી નાખ્યા, પણ મહીંના શીંગડાં રહ્યા. આ તો અંદરનાય શીંગડાં નહીં ચાલે ને ઉપરનાય શીંગડાં નહીં ચાલે ! અંદરના શીંગડા અંદરની કૈડ ઊભી કરે. અને બહાર કૈડ તો હોય નહીં ને, એમને. એમને બધા સાફસૂફ કરી આપે. નોકરો-ચાકરો હોય, તે માકણ-મચ્છર કાઢી આપે. તે બહાર કૈડે નહીં કશુંય પછી. પણ અંદરની કૈડ શી રીતે છોડશે તમને ? અંદરની કૈડ તો ખરેખરી કૈડ છે. તમે જોયેલી કે નહીં કોઈ દહાડો અંદરની કૈડ ?

પ્રશ્નકર્તા : જોયેલી, અનુભવેલી.

દાદાશ્રી : એટલે નિર્અહંકારી થવું પડશે, નિર્માનીપણું ના ચાલે.

પ્રશ્નકર્તા : એ તો દાદા, બીજો એક શબ્દ પર્યાય તરીકે, નિર્મોહી.

દાદાશ્રી : નિર્મોહી શબ્દ 'ફુલ' (પૂર્ણ) છે જ નહીં. નિર્મોહી એટલે સંપૂર્ણ મોહ વગરનો, એવું નથી. નિર્મોહી એ સંપૂર્ણ મોહ વગરના માણસ માટે કહેવાય નહીં. જેને મોહ ક્ષય થઈ ગયો, તેને નિર્મોહી ના કહેવાય. એટલે નિર્મોહી એ મોહ ક્ષય દશા નથી. ફક્ત અનાસક્ત શબ્દ એકલો ચલાવી શકાય, નિર્મોહી નહીં. નિર્મોહી ક્યાં સુધી ? અહંકારે કરીને મોહ જે દૂર કર્યો, તેને નિર્મોહી કહેવાય. અહંકારે કરીને જે માન દૂર કર્યું, એને નિર્માની કહેવાય. એટલે અહંકાર તો પોતે છે ને બીજું બધું ઓછું કર્યું. કોઈકે ગાળ ભાંડી તો 'મારે શું લેવાદેવા ?' કહેશે. પણ અહંકાર તો તેનો તે ખડો રહ્યો. નિર્મોહીપણાનો અહંકાર રહ્યો, નિર્માનીપણાનો અહંકાર રહ્યો. એ અહંકાર તો છેવટે કાઢવો પડશે ને ?

માનીનો અહંકાર તો 'જ્ઞાની' ઓગાળી આપે. પણ નિર્માનીનો અહંકાર તો ભગવાનથીયે ઓગળે નહીં, એવો સૂક્ષ્મ અહંકાર છે. એ સૂક્ષ્મ અહંકાર ઊભો થાય તો માર્યા જશો. માટે કોઈકને પૂછીને કરજો.

નિસ્પૃહી અહંકાર

આ બાવાઓ છે તે બધા નિસ્પૃહ, તદ્દન સ્પૃહા નહીં. 'હમકુ ક્યા, હમકુ કુછ નહીં ચાહિયે.' તે કોઈ દૂધ લઈ જાય ને, ત્યારે એ શું જાણે કે 'બાપજી રાજી થશે, હેંડો ને. કોઈક દહાડો કામ થશે. મારા છોકરાંને ઘેર છોકરો નથી.' ત્યારે પેલા શું કહેશે, 'હમકો કુછ નહીં ચાહિયે, ચલે જાવ ઈધરસે. ક્યૂં આયા ?' તે આવડી આવડી ગાળો હઉ આપે. પણ આપણા લોક લાલચુ છે, તે આ લોકોનું ગાડું ચાલ્યા કરે. અને 'વ્યવસ્થિત'નો નિયમ છે. એને ખાવા-પીવાનું ગમે તે રસ્તે, એ ગાળો દે તોય પેલો આપી જાય. એટલે જીવતો તો રહે ને ! 'વ્યવસ્થિત'નો નિયમ છે, ખાવાનું પહોંચાડ્યા વગર રહે નહીં. અરે, છેવટે એમેય કહે, 'બાવાનું

મગજ એવું છે, પણ આપો એને.' ગાળો ખાઈનેય આપી આવે. હવે જે કહે છે, 'હમકુ કુછ નહીં ચાહિયે', એય સ્પૃહા જ કહેવાય છે. એય એક જાતનો અહંકાર છે, નિસ્પૃહી !

નિસ્પૃહ થયેલા તો 'હમકુ ક્યા, હમકુ ક્યા' કર્યા કરે. તે એય રખડી મર્યા અને બધાને રખડાવી માર્યા. અને 'જ્ઞાની પુરુષ' કેવા હોય? તમારા આત્મા સંબંધી સ્પૃહાવાળા હોય અને બહાર તમારું જે ભૌતિકમાં છે તેના નિસ્પૃહી. ભૌતિકમાં કોઈ ચીજ જોઈતી ના હોય અને એના આત્માનું કેમ કલ્યાણ થાય એટલી જ સ્પૃહા હોય. હા, સંપૂર્ણ નિસ્પૃહ નથી. એટલે અમે 'જ્ઞાની પુરુષ' નિસ્પૃહ-સસ્પૃહ છીએ. એટલે શું ? આ કાંઠોય અમારો ન્હોય અને આ બીજો કાંઠોય અમારો ન્હોય. અમે તારા પુદ્‌ગલમાં નિસ્પૃહ છીએ અને તારા આત્માને માટે સસ્પૃહ છીએ. એટલે તું અમને ગાળો ભાંડે તોય અમે તારી જોડે સ્પૃહા રાખીએ. એનું કારણ શું? તારા આત્માને માટે સસ્પૃહ છીએ. એ વાંકું કરે ને, એ અપમાન કરે ને, તોય અમે એને માટે રક્ષણ મૂકીએ, બિચારાને. તમને સમજાયું ને?

અહંકારે આંતર્યો આત્મઉજાસ

પ્રશ્નકર્તા : અમારી બધી શક્તિઓ આવરાવાનું મુખ્ય કારણ અહંકાર જ છે ?

દાદાશ્રી : અહંકારને લઈને જ બધી શક્તિઓ વેડફાઈ ગઈ છે ને! આંધળો હોય હંમેશાંય. હવે અહંકારના ભાગ પાછા પાડીએ, એના ડિવિઝન પાડીએ કે ભાઈ, આ અહંકાર તો કયા વિષયમાં ? આને લોભમાં અહંકાર વધારે છે, આને માનમાં અહંકાર વધારે છે, એવા બધા અહંકાર. એટલે આ અહંકાર જ આંતરે છે, એવા તમને લાગે છે?

પ્રશ્નકર્તા : અહંકારને લીધે જ ટક્કર થાય ?

દાદાશ્રી : આ બધી ભાંજગડ જ અહંકારની છે. હવે આ કહે છે કે દાદા, તમે છે તે બહુ બહુ વિચાર કરી નાખો છો. ત્યારે કહે, ના, અમારે પેલો અહંકાર શૂન્ય થઈ ગયો છે ને ! આ તમે જે કહેવા માગો છો ને, તે પાછળ એવું જ કહેશે આ બુદ્ધિશાળીઓ. કારણ કે આવું કેવી રીતે બને આ ! અલ્યા, એમાં કશુંય કરવું નથી પડ્યું. એ અહંકાર શૂન્ય કરવાની જરૂર છે. નહીં તો એટલું બધું હું શી રીતે કરું આ ? આખા બ્રહ્માંડના વિચાર કર્યા હોય, એટલી બધી વાત માણસ કેવી રીતે વિચારી શકે તે?

પ્રશ્નકર્તા : એ તો વધારે ગૂંચવાય, દાદા ?

દાદાશ્રી : ઊલટો વધારે ગૂંચવાય. આ જે આત્માનો પ્રકાશ છે, આ તમને કામ લાગે છે. તે આ વચ્ચે ઈગોઈઝમ છે. ઈગોઈઝમની જેવી ડિઝાઈન છે, એ ડિઝાઈન થ્રુ (દ્વારા) પ્રકાશ આવે છે. ઈગોઈઝમની ડિઝાઈન કેટલાકને આમ હોય, કેટલાકને આમ થાય. કેટલાકને આમ થાય, તે આવી ડિઝાઈન થ્રુ થઈને આવે. પણ જો ઈગોઈઝમ ખલાસ થઈ ગયો હોય તો? સીધું, ડિરેક્ટ જ લાઈટ પડે ને !

જ્ઞાન પછી નિકાલી અહંકારના પરિણામ

આ 'જ્ઞાન' પછી તમારે અત્યારે અહંકાર છે જ નહીં. કારણ કે અહંકાર કોને કહેવાય ? 'હું ચંદુભાઈ છું' એવું નક્કી કરવું, એનું નામ અહંકાર ! અને તમને 'હું ચંદુભાઈ છું' એ જ્ઞાન ઉપર શંકા પડી. 'હું ચંદુભાઈ નથી' અને 'હું તો શુદ્ધાત્મા છું', એટલે હવે તમને અહંકાર છે જ નહીં.

પ્રશ્નકર્તા : અહંકાર એટલે 'હું ચંદુભાઈ છું' એ ભાગને જ કહો છો ?

દાદાશ્રી : હા, એને જ અહંકાર કહેવાય.

પ્રશ્નકર્તા : એ અહંકાર ભાગ તો નીકળી ગયો છે, પણ હવે અમારું અભિમાન રહી ગયું છે ?

દાદાશ્રી : હા, અભિમાનનો વાંધો નહીં. એ અભિમાન નિકાલી બાબત છે. તમને અહંકાર રહેલો જ નથી ને ! અભિમાનનો વાંધો નહીં. માન ને અભિમાન એ નિકાલી બાબત છે. પછી એથી આગળ ગર્વ ને બીજો બધો સામાન રહેલો છે ને ! મૂળ અહંકાર ગયો પણ અહંકારના જે પરિણામ હતા, તે તો હજી રહ્યા જ ને ! મૂળ રૂટ કૉઝ ગયું. પણ ઉપરના હજુ ડાળાં ને એ બધું રહ્યું, તે સૂકાઈ જશે.

પ્રશ્નકર્તા : એટલે અભિમાન એ જૂના અહંકારનું જ પરિણામ છે ?

દાદાશ્રી : હા. અભિમાન એ અહંકારનું પરિણામ છે. તે પરિણામ રહી ગયા ને 'રૂટ કૉઝ' (મૂળકારણ) ગયું. અહંકાર ગયો ! ને અહંકારના બધા પરિણામ જતા રહે એટલે કેવળજ્ઞાન થાય.

પ્રશ્નકર્તા : પણ અહંકારનું પરિણામ અભિમાન, તો અભિમાન ચાલ્યું જાય એટલે કેવળજ્ઞાન આવીને ઊભું રહે ને ?

દાદાશ્રી : ના. પરિણામમાં એકલું અભિમાન ના હોય. અહંકારના પરિણામમાં તો બીજા બધા બહુ હોય. તે બધાય જાય એટલે કેવળજ્ઞાન થાય !

પ્રશ્નકર્તા : તો અહંકારના પરિણામ કયા કયા ?

દાદાશ્રી : બધા બહુ જાતના પરિણામ હોય.

પ્રશ્નકર્તા : અમારા એ અભિમાનથી કોઈને તકલીફ ના થાય અને સંતાપ ના થાય, એને બદલે સામાને સુખ થાય, એને માટે અમારે શું કરવાનું ?

દાદાશ્રી : આટલો ભાવ જ કરવાનો, બીજું કશું કરવાનું નહીં. 'આપણા અભિમાનથી કોઈને દુઃખ ન હો ને સુખ થાવ' એવો ભાવ કરવાનો. પછી દુઃખ થઈ જાય તો પ્રતિક્રમણ કરવાના ને આગળ હેંડવા માંડવાનું. ત્યારે શું કરે તે ? કંઈ આખી રાત ત્યાં આપણે બેસી રહેવું ? બેસી રહેવાય એવું નથી આ પાછું. આપણે બેસી રહેવું હોય તોય બેસાય એવું નથી, તો શું કરવાનું ?

છતાં આ લોકોને દુઃખ ના થાય એવી રીતે આપણે પગલું ભરવું જોઈએ.

પ્રશ્નકર્તા : એ હિસાબે તો આખો સંસાર અહંકારના પરિણામ જ છે, 'હું ચંદુભાઈ છું' એનું પરિણામ જ આખો સંસાર ને ?

દાદાશ્રી : પણ હવે એ અહંકાર, આ 'જ્ઞાન' પછી તમને ગયો. ફરી અહંકાર રહેતો હોય તો પરિણામ ઊભા થયા કરે ને ! આ 'જ્ઞાન' પછી તો નવા પરિણામ ઊભા થાય નહીં ને ! અને જૂના પરિણામ ઊડ્યા જ કરે. જૂના એકલા જ ઊડી જવાના. એટલે ઉકેલ આવી ગયો. એ ટાંકી નવી ભરાતી નથી. કોઈની ટાંકી પચાસ ગેલનની હોય ને કોઈની પચ્ચીસ લાખ ગેલનની હોય. મોટી ટાંકી હોય ત્યારે વાર લાગે. પણ ખાલી થવા માંડ્યું, એને શું ?

પ્રશ્નકર્તા : પણ ટાંકી ખાલી થતા થતા તો પેલા ફ્લડ(પૂર)ની માફક કોઈને ગબડાવી દે, કોઈને અથડાય ને કોઈને મારી દે ને, પાછું.

દાદાશ્રી : હા, એ તો બધું જે મારે છે ને, તે તો એના પરિણામ છે ને ! એમાં આપણને શું લેવા-દેવા ? પણ કોઈને દુઃખ થાય તો એનું પ્રતિક્રમણ કરી લેવાનું.

દેહાભિમાન, શૂન્યતાને પામેલું

અભિમાન તો અમારે કરવા જેવું હોય કે આખા બ્રહ્માંડના ઉપરી અમે કહેવાઈએ. છતાંય પણ અમને તો નાના બાળક કરતાંય ઓછું હોય. અમને તો અહંકાર હોય જ નહીં ને ! અહંકાર હોય તો આ બધું ભેગું થાય જ નહીં ને ! આ દેહનો માલિક ના હોય, તે બ્રહ્માંડનો માલિક થઈ શકે. દેહનું માલિકીપણું, મનનું માલિકીપણું ને વાણીનું માલિકીપણું ના હોય, તે બ્રહ્માંડના માલિક થાય !

પ્રશ્નકર્તા : પણ કેટલાક લોકો કહે છે, જ્ઞાની પુરુષમાં ઘણી વખત અભિમાન જોવામાં આવે છે. પણ એ કેમ બની શકે ?

દાદાશ્રી : જ્યાં અભિમાન છે એ જ્ઞાન નહીં અને જ્ઞાન છે ત્યાં અભિમાન નહીં.

પ્રશ્નકર્તા : જ્ઞાન ને અભિમાન બે સાથે ના રહી શકે, એનો અર્થ એ થયો ને ?

દાદાશ્રી : જ્ઞાન ને અભિમાન બે સાથે કોઈ દહાડો ક્યારેય પણ ન રહે. કાં તો અભિમાન રહે કે જ્ઞાન ! છતાં તમે મને બે ધોલ મારો અને મને અભિમાન આવે તો એ અજ્ઞાન છે મારું અને ખુલ્લું દેખાય કે જ્ઞાની ન્હોય આ.

હા, જ્યાં સુધી અમને 'જ્ઞાન' નહોતું થયું, ત્યાં સુધી દેહાભિમાન નહોતું ગયું. ઊલટું પાશેર હતું ને, તે સવાશેર થયું હતું. જન્મ્યો ત્યારે પાશેર હતું, પછી જેમ મોટો થયો એમ સવાશેર થતું ગયું. પાશેર હતું તેય કૈડતું હતું તો સવાશેર શું નહીં કૈડ્યું હોય ? હવે અભિમાન એનું નામ કે કૈડ્યા કરે અને અહંકાર એનું નામ કે જે અંતરદાહ બાળ્યા કરે. અંતરદાહ એકલો જ બળતો હોય તો એ અહંકાર કહેવાય અને આ અભિમાન તો કૈડ્યા કરે.

તે અમે અહંકાર નહીં પણ અભિમાનમાં આવેલા. અરે, તુંડમિજાજી હઉ થયેલા. અને વળી કેટલાક એમેય કહેતા કે ઘેમરાજી બહુ છે. કારણ કે અમારે જ્ઞાન નહોતું થયું તોય એ પૂર્વનો સામાન બધો એવો ઊંચો ભેગો થયેલો, એટલે મને એમ ખરું કે આપણી પાસે કંઈક છે. એટલી ખબર ખરી અને તેની જરા ઘેમરાજી રહ્યા કરે.

એટલે અહંકાર ક્યાં હોવો ઘટે, અભિમાન ક્યાં હોવું ઘટે, એ બધું ક્યાં ઘટે, એ બધું મારા લક્ષમાં છે. હવે આજે અહંકારી પુરુષ એકુંય મળે નહીં, વિકૃત તો થયેલો જ હોય, અભિમાન સુધી તો ગયેલો જ હોય.

અહંકારી પુરુષ તે તો સાહજિક કહેવાય. એ સહજ અહંકાર છે અને તે અહંકારી હોય જ નહીં ને, આ કાળમાં ! ક્યાંથી લાવે અહંકારી? આજ તો અભિમાની હોય. અહંકાર તો શું છે ? 'હું ચંદુભાઈ છું' એ જ અહંકાર છે. પણ એ તો સાહજિક વસ્તુ છે. એમાં એનો ગુનો નથી. અને અભિમાન શું ? આ પેલું કારખાનું અમારું, આ દવાખાનુંયે અમારું, એટલે બતાડ બતાડ કરતા હોય તો આપણે સમજી જવું કે આ કોણ બોલી રહ્યું છે ? એમનું અભિમાન બોલી રહ્યું છે.

પ્રશ્નકર્તા : પણ એમાં જે તમે કીધું કે દેહાભિમાન પાશેરનું સવાશેર થઈ ગયું. અને પછી એનું શૂન્ય કેવી રીતે થયું ?

દાદાશ્રી : ઓચિંતું જ ! મેં તો આમાં કશું નથી કર્યું. 'ધીસ ઈઝ બટ નેચરલ' (કુદરતી રીતે) થઈ ગયું. એટલે લોકોને હું કહું છું કે નકલ કરવા જેવી નથી આ. 'નેચરલ' છે, પછી એમાં તું શું કરીશ ? હવે મારી પાસે આવ, હું તને રસ્તો દેખાડીશ. મને રસ્તો જડ્યો છે. બાકી, હું જે રસ્તે ગયો છું તે રસ્તે તું કરવા જઈશ તો માર્યો જઈશ.

કારણ કે મારે તો પાશેરને બદલે સવાશેર થયું, તે મારાથી સહન નહોતું થતું. એ દિવસો કેમ કાઢવા તે તો હું જ જાણું.

પ્રશ્નકર્તા : પેલું કહ્યું છે ને, 'દેહાભિમાન હતું પાશેર, વિદ્યા ભણતાં વધ્યું શેર અને ગુરુ થયો ત્યાં મણમાં ગયો.' હવે એમાંથી શૂન્ય ઉપર કેવી રીતે અવાય એ જ મહત્ત્વનું.

દાદાશ્રી : હવે આ 'જ્ઞાન' પછી તમારો પુરુષાર્થ દિવસ-રાત કઈ બાજુ જઈ રહ્યો છે ? શૂન્ય તરફ જઈ રહ્યો છે. પહેલાં શું થતું હતું? મણનો બે મણ થાય, તે તરફ જતું હતું. હવે શૂન્ય તરફ જઈ રહ્યા છો. એને આપણે એમ કહીએ કે હવે શો ઉપાય ? તોય તે કંઈ વળે નહીં. એટલે અત્યારે પદ્ધતિસર જ છે. શૂન્ય તરફ જઈ રહ્યો છે અને એ થવાનું જ !

શુદ્ધ ઉપયોગથી ઓગળે અહંકાર

પ્રશ્નકર્તા : અમારા અહંકારનું જે સ્વરૂપ છે અત્યારે, તેને ઝીરો પર લાવવા માટેનું પુરુષાર્થનું કયું બટન છે ?

દાદાશ્રી : શુદ્ધ ઉપયોગ એ જ. જેટલો શુદ્ધ ઉપયોગ એટલો અહંકાર ઓગળ્યા કરે. અને આ જ્ઞાન આપ્યા પછી ઈગોઈઝમની શી દશા થાય છે ? ત્યારે કહે, આજે બહુ ઠંડી પડી હોય ને બરફ બનાવવાવાળા પાસે બરફ પડી રહ્યો હોય, હવે એ જાણે કે ક્યારે આ વેચાશે ? ક્યાં મૂકી રાખે એને? એટલે એકદમ સસ્તો કરી નાખે, તો કોઈ શેઠિયો હોય, તે કહેશે, બરફ ભરી લો. હવે બરફ ભરી લે, કેટલાય કોથળા પાથર પાથર કરશો તોય ઓછો થતો જશે કે વધતો જાય ? શી રીતે ઓછો થતો જાય ? રાતે કેમ કરીને ઓછો થાય ? એ તો ઓગળ્યા જ કરે નિરંતર. એટલે આ જ્ઞાન આપ્યા પછી અહંકાર ઓગળ્યા જ કરે છે. પછી કેટલાક તો કોથળા બાંધ બાંધ કરે છે, વહેર ઘાલ ઘાલ કરે છે. અલ્યા, ના દાબીશ.

અહંકાર ઓગળ્યા પછી સ્વની ઓળખાણ

પ્રશ્નકર્તા : આ 'હું' જે છે એ પ્રકૃતિ છે કે આત્મા છે ?

દાદાશ્રી : 'હું' ? 'હું' શબ્દ વસ્તુ જુદી છે. પણ 'હું' શબ્દનો દુરુપયોગ થયો છે. 'હું' શુદ્ધાત્મામાં, આત્મામાં વપરાય તો વાંધો નથી અને બીજી જગ્યાએ, આરોપિત ભાવે વપરાય તો અહંકાર કહેવાય.

એટલે આ 'હું છું' તે અવળી જગ્યાએ વપરાતું હતું. અસ્તિત્વ તો છે જ. પોતે 'હું છું' એમ છે જ પણ 'હું શું છું !' એ ભાન નહીં હોવાથી 'હું ચંદુભાઈ છું', 'હું ડૉક્ટર છું', 'હું ક્લેક્ટર છું', 'આમનો સાળો થાઉં, આમનો બનેવી થાઉં' આવું બોલ બોલ બોલ કરતો હતો. તે બધું ખોટું નીકળ્યું. હવે 'હું શુદ્ધાત્મા છું' એ સાચું નીકળ્યું.

અવળું જવાની ક્રિયા હતી, તે સવળું આવવાની ક્રિયા કહેવાય છે આ. પોતે શુદ્ધાત્મા 'એક્ઝેક્ટ' થાય નહીં ત્યાં સુધી જેટલું અવળું ચાલ્યા હતા, તે પાછું સવળું આવવું પડે. 'હું ચંદુભાઈ છું, હું ચંદુભાઈ છું' બોલેલા તે એટલું જ પાછું આપણે 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું' બોલીએ ત્યારે ગાડું આગળ ચાલે.

પ્રશ્નકર્તા : એટલે આ અહંકાર જ બોલે છે ને ? જે અવળો ચાલ્યો હતો તે જ હવે...

દાદાશ્રી : 'હું', 'હું' બોલે છે, અહંકાર નથી બોલતો. અહંકાર તો જુદો રહે. અહંકાર ના બોલે.

'હું', 'હું' પોતાનું સ્વરૂપ જ. હવે સ્વરૂપ જાતે બોલે નહીં, પણ આ ક્રિયા એના તરફની ફરેલી છે. શુદ્ધાત્મા આપણે બોલીએ છીએ, તે શુદ્ધાત્માય પોતે શબ્દ નથી. હવે તમારી શ્રદ્ધા ફરી, બિલીફ ફરી, તેમ તેમ આવરણ તૂટતું જાય. આવરણ તોડનારી વસ્તુ છે આ. પણ 'હું'નું અસ્તિત્વ, 'હું શુદ્ધાત્મા છું' એ જ ભાન છે. ભાનમાં ફેરફાર થયો. અહંકાર હોય તો કામમાં જ ના લાગે. એ વસ્તુ જ જુદી છે. અહંકારને લેવાદેવા નથી. અહંકાર ઓગળ્યા પછી તો પોતાનું સ્વરૂપ 'એ' (ભાન) થાય. આ વચગાળાનું બધું કહેવાય છે.

અહંકારને ઓળખે એનું કલ્યાણ

અહંકારને ઓળખે તો ભગવાન બનાવે. અહંકાર તો ભગવાન બનાવે એવો છે. અને એ અહંકાર બધુંય કરે. એમાંથી ઊભું થયેલું છે. અહંકાર ખોટો નથી. આ જ્ઞાનીઓનો અહંકાર સવળો ચાલે ને, તે છેલ્લા પદમાં બેસાડીને ઠેઠ ભગવાન સુધી લઈ જાય. શુદ્ધ અહંકાર થતો થતો થતો અશુદ્ધમાંથી અશુભમાં આવે, અશુભમાંથી શુભમાં આવે, શુભમાંથી શુદ્ધ થાય પણ અહંકાર તેનો તે જ.

પ્રશ્નકર્તા : આ તો આપનું વાક્ય એવું નીકળેલું કે અહંકારને ઓળખે તો ભગવાન બનાવે એવો છે. એટલે અહંકારને ઓળખવાનો?

દાદાશ્રી : અહંકારને ઓળખે તો બહુ થઈ ગયું ને ! કોઈ અહંકારને ઓળખી શકે નહિ ને !

પ્રશ્નકર્તા : એ ના સમજાયું. અહંકારને ઓળખવો એટલે શું ?

દાદાશ્રી : અહંકારને ઓળખે એટલે આખા પુદ્‌ગલને ઓળખવું. 'હું'ના કહેનારને સારી રીતે ઓળખવો. આખા પુદ્‌ગલને ઓળખ્યું, તો ભગવાન જ થઈ ગયો ને !

પ્રશ્નકર્તા : એ 'હું' એટલે આખું પુદ્‌ગલ ઓળખવું એવું ને ?

દાદાશ્રી : 'હું' એટલે જ આખું પુદ્‌ગલ. હું એટલે બીજું કોઈ નહિ. હંમેશાં ડ્રાઈવ કરે, તે એંસી ફૂટ લાંબી બસ હોય પણ ડ્રાયવર આમ સ્ટિયરીંગ ફેરવે તો તે સમજશે કે પેણે પૈડાં ક્યાં ફરે છે ! એટલે પોતાનું આખું સ્વરૂપ જ માને, એ એંસી ફૂટની બસને. અને ત્રીસ ફૂટની બસ હોય તો ત્રીસ ફૂટ માને. પાંચ ફૂટની ગાડી હોય તો પાંચ ફૂટ માને.

પ્રશ્નકર્તા : એટલે એ અહંકાર તે રૂપે થઈ જાય, એમ ?

દાદાશ્રી : એ એનો અહંકાર આટલો બધો વિસ્તૃત થઈને કામ કરે, તેથી તો આટલા હારુ અથડાવાનું રહી ગયું હોય. હા, આખાય સ્વરૂપે કામ કરે. માટે આ પુદ્‌ગલ બધું અહંકારનું જ છે. એ અહંકારને ઓળખે એનું કલ્યાણ થઈ જાય ! અહંકાર કરે છે ખરા બધા, પણ એને ઓળખતા નથી ને !

પ્રશ્નકર્તા : આમાં અહંકાર અને એને ઓળખનારો કોણ ?

દાદાશ્રી : ઓળખનારો એ જ ભગવાન છે.

પ્રશ્નકર્તા : હવે એ અહંકારને પુદ્‌ગલનું સ્વરૂપ કીધું, તો એ અહંકાર પણ ભગવાન થાય છે પાછો ?

દાદાશ્રી : એ અહંકાર શુદ્ધ થતો થતો થતો શુદ્ધ અહંકાર થાય છે ત્યારે આ 'ભગવાન' ને 'એ' બધું એકાકાર થઈ જાય છે. શુદ્ધ અહંકાર એ જ શુદ્ધાત્મા છે.

- જય સચ્ચિદાનંદ

સત્સંગ મેળવવાના ડિજિટલ માધ્યમો

AKonnect App : Android **અને** iPhone **મોબાઇલમાં** AKonnect App **દ્વારા આપને સત્સંગ અપડેટ્સ, પૂજ્યશ્રીના અપડેટ્સ, લોકલ સેન્ટરના અપડેટ્સ તથા** MMHT, WMHT, PMHT, GNC, MBA **વિગેરે ગ્રુપ્સના અપડેટ્સ અને માહિતી નિયમિતરૂપે આપવામાં આવે છે. તે ઉપરાંત ટુડેઝ એનરઝાઈઝર, આપ્તસૂત્ર, વેબસાઈટ વોલપેપર વગેરેના અપડેટ્સ પણ આપવામાં આવે છે.**
Akonnect app - https://akonnect.org/app

Dadabhagwan App : Android **અને** iPhone **મોબાઇલમાં** Dadabhagwan App **દ્વારા સત્સંગ શેડ્યુલ, પુસ્તકો, ઓડીયો - વિડિયો સત્સંગ, મેગેઝિન, ફોટો ગેલેરી, સત્સંગ સેન્ટરોની માહિતી તેમજ સાધના મોડ્યુલ દ્વારા વિવિધ સત્સંગ સંબંધી માહિતી તેમજ સામગ્રી ઉપલબ્ધ હોય છે.**
Dadabhagwan app - https://www.dadabhagwan.org/app

dadabhagwan.tv : આ વેબસાઇટ દ્વારા દિવસમાં ૨૪ કલાક નોન-સ્ટોપ સત્સંગ પ્રસારિત થયા કરે છે. આપ ગમે તે સમયે તેમા જોડાઈને સત્સંગ સાંભળી શકો છો. - https://www.dadabhagwan.tv

YouTube ચેનલ : દાદા ભગવાન ફાઉન્ડેશનની YouTube **ચેનલ પર મુમુક્ષુઓ અને મહાત્માઓને ઉપયોગી થાય એવા ઘણાં બધાં વિડિયો મૂકવામાં આવ્યા છે અને નવા નવા વિડિયો નિયમિત અપલોડ કરવામાં આવે છે. આપ અપડેટ્સ મેળવવા આ ચેનલ સબસ્ક્રાઈબ કરી શકો છો.**
https://www.youtube.com/user/dadabhagwan

ઉપરોક્ત બન્ને મોબાઈલ એપ, ટીવીની વેબસાઈટ તેમજ યુ ટ્યુબ ચેનલ પર પૂજ્યશ્રીના જે સત્સંગ લાઈવ વેબકાસ્ટ થવાના હોય તે સત્સંગ તે જ સમયે લાઈવ જોઈ શકાય છે.

dadabhagwan.fm : આ વેબસાઇટ દ્વારા આપ દિવસભર નોનસ્ટોપ ઓડિયો સત્સંગ સાંભળી શકો છો. આપ વેબસાઇટની મુલાકાત લઈ, તેમાં વિવિધ મોડ્યુલ વિશે જાણકારી મેળવી વિવિધ સત્સંગ, ભક્તિપદ, જ્ઞાનવાણી સામાયિક સંબંધી સત્સંગ, આરતી વિગેરે સાંભળી શકો છો.
https://www.dadabhagwan.fm

દાદાવાણીના વાર્ષિક/૧૫ વર્ષના મેગેઝિનના સભ્યો માટે સૂચના

આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપને ત્યાં આવેલ દાદાવાણીના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. DGFT555/**08-2028** એટલે તમારું લવાજમ ઓગષ્ટ-૨૦૨૮માં પૂરું થાય છે.

દાદાવાણી મેગેઝીનના સભ્યો માટે સૂચના

દાદાવાણીના જે સભ્યોને અંક ન મળતા હોય અથવા મોડા મળતા હોય, તેમણે અગાઉ મળેલ દાદાવાણીના કવર પર અથવા દાદાવાણી લવાજમ ભર્યાની રસીદ પર પોતાની તમામ વિગતો જેવી કે નામ, સરનામું, ગામ/શહેર, પીનકોડ વિગેરે ચેક કરવા. એમાં કંઈ પણ ભૂલ હોય તો તમારો ગ્રાહક નંબર, પૂરું નામ-સરનામું (પિનકોડ સાથે) લખી મોબાઈલ નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર SMS કરવો. આપ અડાલજ ત્રિમંદિરના સરનામે પત્ર દ્વારા અથવા dadavani@dadabhagwan.org ઈમેલ આઈ-ડી પર પણ આ માહિતી જાણ કરી શકો છો. જેથી આપની અત્રે નોંધાયેલ વિગતોમાં સુધારો થઈ શકે. જો આપને દાદાવાણીનો અંક ન મળે તો ઉપરોક્ત કોઈ પણ માધ્યમથી અમોને જાણ કરવા વિનંતી છે. એ અંક સ્ટોકમાં હશે તો આપને ફરીથી મોકલવામાં આવશે.

આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના સત્સંગ કાર્યક્રમો - લાઈવ વેબકાસ્ટ દ્વારા

૧૪ નવેમ્બર	રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦	**દિવાળી નિમિત્તે વિશેષ ભક્તિ**
૧૬ નવેમ્બર	સવારે ૮ થી ૯-૧૫	**નૂતન વર્ષની ઉજવણી**

પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૩મો જન્મજયંતી મહોત્સવ

૨૬ - ૨૮ નવેમ્બર	સવારે ૮ થી ૯	**સત્સંગ**
	રાત્રે ૮-૩૦ થી ૧૦	**સત્સંગ**
૨૯ નવેમ્બર	સવારે ૮ થી ૯-૩૦	**જન્મજયંતી દિવસ ઉજવણી**
	રાત્રે ૮-૩૦ થી ૧૦	**જન્મજયંતી દિવસ ઉજવણી**
૩૦ નવેમ્બર	સવારે ૮ થી ૯	**સત્સંગ**
	રાત્રે ૮-૩૦ થી ૧૦	**સત્સંગ**

ડિસેમ્બર પારાયણ - આપ્તવાણી-૧૪ ભાગ-૨

૨૬ અને ૨૭ ડિસેમ્બર	સવારે ૧૦ થી ૧૨	**પારાયણ - વાંચન અને પ્રશ્નોત્તરી**
	રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦	**પારાયણ - વાંચન અને પ્રશ્નોત્તરી**
૨૮ ડિસે. થી ૧ જાન્યુ.	સવારે ૮ થી ૯	**પારાયણ - વાંચન**
	રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦	**પારાયણ - વાંચન અને પ્રશ્નોત્તરી**
૨ અને ૩ જાન્યુઆરી	સવારે ૧૦ થી ૧૨	**પારાયણ - વાંચન અને પ્રશ્નોત્તરી**
	રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦	**પારાયણ - વાંચન અને પ્રશ્નોત્તરી**

નોંધ : આપ્તવાણી ૧૪ ભાગ - ૨ પેજ નં ૧૨૨થી વાંચન, 'આમાં નિયતિ ક્યાં'....... હેડિંગથી.

[ઉપરોક્ત કાર્યક્રમમાં સમય-સંજોગને આધીન ફેરફાર થઈ શકે છે.]

વિશેષ નિવેદન

કોરોના વાયરસ મહામારીના કારણે વર્તમાન પરિસ્થિતિમાં પૂજ્યશ્રી દીપકભાઈના જાહેર સત્સંગ કાર્યક્રમો હાલ સ્થગિત છે. જે ભવિષ્યમાં પરિસ્થિતિ સામાન્ય થયા બાદ યોજવામાં આવશે.

મહામારીને ધ્યાનમાં રાખી અડાલજ ત્રિમંદિર ખાતે દિવાળી-બેસતું વર્ષ તેમજ મહેસાણા ખાતે જન્મજયંતી મહોત્સવની ઉજવણી મહાત્માઓની હાજરીમાં શક્ય નહીં બની શકે, જેની મહાત્માઓએ નોંધ લેવી. હાલની જેમ ઓનલાઈન ઈન્ટરનેટ દ્વારા સત્સંગો તેમજ ઉત્સવોની ઉજવણી ચાલુ રહેશે.

ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ: ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭, (૦૭૯) ૩૯૮૩૦૧૦૦ ; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮ ; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮ ; **ગોધરા:** ૯૭૨૩૭૦૭૭૩૮ ; **મોરબી:** ૯૯૨૪૩૪૧૧૮૮ ; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨ ; **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦ ; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭ ; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧

અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ: (૦૭૯) ૨૭૫૪૦૪૦૮ ; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧ ; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫ ; **U.S.A.-Canada:** +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA (3232); **Australia :** +61 421127947

પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

ભારત

- **'અરિહંત' ચેનલ** પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'साधना'** पर हर रोज सुबह 7-50 से 8-15 तथा रात 9-30 से 9-55 (हिन्दी में) - **नया कार्यक्रम**
- **'दूरदर्शन'-मध्यप्रदेश (भोपाल)** पर हर रोज रात 10 से 11 (हिन्दी में)
- **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर हर रोज सुबह 7 से 8 (हिन्दी में)
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૬-૩૦ - **નવો કાર્યક્રમ** (ફક્ત ગુજરાત રાજ્યમાં)
- **'उड़ीसा प्लस' टीवी** पर हर रोज सुबह 7-30 से 8 (हिन्दी में- केवल उड़ीसा में)

USA - Canada

- 'TV Asia'- પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- 'Rishtey' पर हर रोज सुबह 7 से 7-30 तथा 8 से 8-30 EST (हिन्दी में)

U K

- **'વીનસ'** ટીવી પર દરરોજ સવારે ૮ થી ૯ GMT
- **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT
- **'Rishtey'** पर हर रोज सुबह 7 से 7-30 Western European Time (6 to 6-30am GMT)

USA - UK - Africa - Australia

- **'આસ્થા'** પર સોમ થી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ **UK-૮૪૯**, **USA-૭૧૯**)

Australia

- **'Rishtey'** पर हर रोज सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 (हिन्दी में)

Fiji - NZ - Singapore - SA - UAE

- **'Rishtey'** पर हर रोज सुबह 6 से 6-30 तथा 7-30 से 8 (हिन्दी में)

નોટ : દૂરદર્શનની અમુક ચેનલો પરથી પ્રસારિત થતા સત્સંગ કાર્યક્રમો ૧લી ઓગસ્ટ ૨૦૨૦થી બંધ થઈ ગયા છે. બીજી ટીવી ચેનલો ઉપર જ્યારે પણ સત્સંગ કાર્યક્રમોનું પ્રસારણ શરૂ થશે, જેની જાણ આપને કરવામાં આવશે.

ઓક્ટોબર ૨૦૨૦
વર્ષ-૨૬, અંક-૨
સળંગ અંક-૩૦૨

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/037/2018-20
Valid up to 31-12-2020
Posted at SRO Gandhinagar
on 1st of every month.

સ્વરૂપજ્ઞાન થાય તો અહંકાર જાય

અહંકારના પ્રકાર ખરા ? આ રિલેટિવ વસ્તુને 'હું છું' કહ્યું તે જ અહંકાર. ગર્વ, મદ, મત્સર, અભિમાન, માન, અપમાન એ બધા જુદાજુદા શબ્દો જુદીજુદી વખતે વપરાય છે. તે બધાના સ્થૂળ અર્થ સમજવા જેવા છે, તેથી જ્ઞાનીઓએ જુદાં જુદાં નામ આપ્યાં. સ્વરૂપજ્ઞાન સિવાય સંપૂર્ણ અહંકાર જાય જ નહીં. અહંકાર તો રસવાળો છે. માન-અપમાન એ તો અહંકારનો કડવો-મીઠો રસ છે. મૂળ વસ્તુ પામ્યા પછી હવે અહંકારનો રસ ખેંચી લેવાનો છે. જેમ તેમ કરીને આ બધો જ રસ ઓગાળી નાખે એટલે ઉકેલ આવે.

- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.